Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૪૬

## * માર્ગ ખુલ્લો છે *

ધર્મીની પર્યાય અંતર્મુખ થઈને એમ અનુભવે છે કે ગતિ, રાગ વગેરે વિભાવોથી રહિત એક પરમ ચૈતન્યભાવ હું છું. પર્યાયના ભેદના કોઈપણ વિકલ્પો, તેનો હું કર્તા નથી, તેનું કારણ હું નથી, તેનો કરાવનાર કે અનુમોદનાર પણ હું નથી. એક સહજ પરમસ્વભાવ જ હું છું–એમ શુદ્ધનિશ્ચયનય દેખે છે. શુદ્ધનિશ્ચયનય અને તેનો વિષય અભેદ છે, તેમાં ભેદ રહેતો નથી, વિકલ્પ રહેતો નથી. શુદ્ધનયવડે આવા અભેદ આત્માની અનુભૂતિ કરવી તે જ પરમ શાંતિરૂપ મોક્ષનો માર્ગ છે.


પ્રશ્નઃ–અત્યારે તો આવો માર્ગ ચાલતો નથી!

ઉત્તરઃ–કોણ કહે છે નથી ચાલતો? પોતાની પર્યાયમાં જે આત્મા આવો અનુભવ કરે તેને અત્યારે પણ પોતામાં આવો મોક્ષ માર્ગ ચાલી રહ્યો છે....તેની પરિણતિ એ જ મોક્ષમાર્ગ છે; ધર્મીને અંતરમાં આવો માર્ગ ખૂલી ગયો છે. મોક્ષના મહાસુખને ચાખતો–ચાખતો તે મોક્ષના માર્ગે જઈ રહ્યો છે. ધન્ય માર્ગ! ધન્ય ચાલનાર!

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૪૯૮, શ્રાવણ (લવાજમ : ચાર રૂપિયા) વર્ષ ૨૯ : અંક ૧૦

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# *આનંદરસ ઘોલન*



આત્માનો એવો અદ્‌ભુતસ્વભાવ છે કે જેનું જ્ઞાન થતાં મહાન આનંદ થાય છે. જ્ઞાનઅનુભૂતિના આવા મહા–આનંદરસને ઘૂંટીઘૂંટીને ગુરુદેવ પીવડાવી રહ્યા છે. અહા, જે આનંદની ગંધ પણ પૂર્વે અનંત–કાળમાં કદી ન હતી તેવા અપૂર્વ અતીન્દ્રિય આનંદનો સ્વાદ સમ્યગ્દર્શન થતાં અનુભવાયો. વિકલ્પોથી નિર્વિકલ્પ ચીજ અત્યંત જુદી જાતની છે, તે નિર્વિકલ્પ આનંદની લહેર પાસે ગુણભેદોનો વિકલ્પ પણ દુઃખરૂપ લાગે છે. તે વિકલ્પથી પાર ચૈતન્યના આનંદરસનું ઘોલન એ જ આત્માનું જીવન છે. આવો અનુભવ કર્યો તે સાચો ‘જીવવંતસ્વામી’ થયો.

અહો જીવો! આવા આનંદરસને ઘૂંટીઘૂંટીને પીવા માટે, શ્રીગુરુ કહે છે કે તમે દુનિયાની અપેક્ષા છોડીને, પરમ અચિંત્ય મહિમાપૂર્વક આત્માના ચિદાનંદસ્વભાવમાં અંદર ઊંડા ઊતરીને તેનું અવલોકન કરો, જેના અવલોકનથી ચૈતન્યના અનંતગુણના નિર્વિકલ્પ આનંદરસનું વેદન થશે.

દંસણ મૂલો ધમ્મો

આત્મધર્મ

આત્માર્થીતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવા

વાર્ષિક
લવાજમ
ચાર રૂપિયા

વીર સં. ૨૪૯૮
શ્રાવણ
AUG. 1972

* વર્ષ : ૨૯, અંક ૧૦ *

# મહાન આત્માર્થને સાધવા તત્પર થાઓ

## નાની-નાની બાબતમાં અટકો નહીં

જગતના નાના–મોટા અનેકવિધ પ્રસંગોમાં જીવ ક્યારેક અટવાઈ જાય છે ને તેથી તે મુંઝાય છે....અને તેના જ વિચાર–વમળમાંથી બહાર નીકળી શકતો નથી, એના પરિણામે તે આત્મપ્રયત્નમાં આગળ વધી શકતો નથી. આત્માર્થીએ એવા પ્રસંગમાં ન અટકતાં ઉધમપૂર્વક પોતાના આત્મકાર્યને સાધવું–એવું સંતોનું સંબોધન છે; કેમકે સ્વભાવના અચિંત્ય મહિમા પ્રત્યે ઉલ્લાસિત વીર્યવાન જીવ આત્માને સાધી શકે છે.

હે જીવ! જેને તારા આત્માર્થની સાથે સંબંધ નથી એવી નાની નાની બાબતમાં તું અટકીશ તો તારા મહાનને આત્મપ્રયોજન તું ક્યારે સાધી શકીશ? જગતમાં અનુકૂળ ને પ્રતિકૂળ પ્રસંગો તો બન્યા જ કરવાના, તીર્થંકરો અને ચક્રવર્તીઓને પણ એવા પ્રસંગો કયાં નથી આવ્યા? માન ને અપમાન, નિંદા ને પ્રશંસા, સુખ અને દુઃખ, સંયોગ અને વિયોગ, રોગ અને નીરોગ,–એવા અનેક પરિવર્તનશીલ પ્રસંગો તો જગતમાં બન્યા જ કરવાના–પણ તારા જેવો આત્માર્થી જો આવા નાના–નાના પ્રસંગોમાં જ આત્માને રોકી દેશે તો આત્માર્થના મહાન કાર્યને તું ક્યારે સાધી શકાશે? શું તારા આત્માર્થનું જોર એવું ઢીલું છે કે બહારના ક્ષણિક પ્રસંગોથી તે ખંડિત થઈ જાય? આત્માર્થને સાધવામાં એવી ઢીલાશ પાલવે નહિ.

–માટે, એવા પ્રસંગોથી અતિશય ઉપેક્ષિત થા.......તેમાં તારી જરા પણ શક્તિને ન વેડફ. તે પ્રસંગોને તારા આત્માર્થ સાથે કાંઈ જ સંબંધ નથી એમ નકકી કરીને આત્માર્થની સિદ્ધિ જે રીતે થાય તે રીતે જ તું પ્રવર્ત! ને આત્માર્થની સિદ્ધિમાં બાધક થાય એવા પરિણામોને અત્યંતપણે છોડ, ઉગ્ર પ્રયત્ન વડે છોડ! શૂરવીર થઈને તારી બધી શક્તિને આત્મસાધનામાં જોડ. તને મહાન આનંદ થશે, અપૂર્વ શાંતિ થશે.

વિધવિધ પરિણામવાળા જીવો પણ જગતમાં વર્ત્યા જ કરશે...... માટે તેનો પણ ખેદ–વિચાર છોડ...ને ઉપરોકત સંયોગોની માફક જ તેમની સાથે પણ આત્માર્થનો સંબંધ નથી એમ સમજીને તે પ્રત્યે ઉપેક્ષિત થા....ને આત્માર્થ–સાધનામાં જ ઉગ્રપણે પ્રવર્ત! વારંવાર આત્મ–પરિચય કરી કરીને તેમાં ઊંડો ઊતર.

ગમે તેમ કરીને મારે મારા આત્માર્થને સાધવો–એ એક જ આ જગતમાં મારું કાર્ય છે–એમ અતિદ્રઢ નિશ્ચયવંત થા. મારા આત્માર્થ ખાતર જે કાંઈ સહન કરવું પડે તે સહન કરવા હું તૈયાર છું, પણ કોઈપણ પ્રકારથી હું મારા આત્માર્થના કાર્યથી ડગીશ નહિ. તેમા જરા પણ શિથિલ નહીં થાઉ.....આત્મા પ્રત્યેના મારા ઉત્સાહમાં હું કદી ભંગ નહીં પડવા દઉં. મારી બધી શક્તિને, મારા બધા જ્ઞાનને, મારા બધા વૈરાગ્યને, મારી શ્રદ્ધાને–ભક્તિને, ઉત્સાહને, સહનશીલતાને, સર્વ મારા સ્વને હું મારા આત્માર્થમાં જોડીને જરૂર મારા આત્માર્થને સાધીશ.–આમ દ્રઢ પરિણામ વડે આત્માર્થને સાધવા માટે તત્પર થા!

આત્માર્થ સાધવા માટેની તારી આવી સાચી તત્પરતા હશે તો જગતમાં કોઈની તાકાત નથી કે તારા આત્મકાર્યમાં વિઘ્ન કરી શકે. જ્યાં આત્માર્થની સાચી તત્પરતા છે, ત્યાં આખું જગત તેને આત્માર્થની પ્રાપ્તિમાં અનુકૂળ પરિણમી જાય જરૂર છે, ને તે જીવ આત્માર્થને સાધી લ્યે છે.

માટે હે જીવ! જગતમાં બીજું બધું ભુલીને તું તારા આત્માર્થ માટેની સાચી તત્પરતા કર; તો તને થોડા જ વખતમાં મહાન આનંદસહિત તારો આત્મા જરૂર પ્રાપ્ત થશે.

# 卐 અમૃત વર્ષા 卐

અષાઢ વદ છઠ્ઠ અને સાતમ એ બે દિવસ ધન્ય હતા, તે દિવસે પૂ. શ્રી કહાનગુરુના શ્રીમુખથી ચૈતન્ય રસભરેલી અમૃતવર્ષાનો પ્રારંભ થયો, ને મુમુક્ષુહૃદયમાં ચૈતન્ય–પુષ્પો ખીલી ઊઠયા. એ બે દિવસોમાં વરસેલું ચૈતન્યની અનુભૂતિના આનંદનું અમૃત આ લેખમાં ભર્યું છે. લાંબાકાળથી તૃષાતુર જીવોને તે જરૂર તૃપ્ત કરશે ને આનંદના નવીન અંકૂરા પ્રગટાવશે. સોનગઢમાં અધ્યાત્મરસની અમૃતવર્ષા ગુરુમુખે દરરોજ વરસી રહી છે.



## સ્વાનુભૂતિ-વર્ણન

卐



**હું એક શુદ્ધ સદા અરૂપી, જ્ઞાન-દર્શનમય ખરે,**
**કંઈ અન્ય તે મારું જરી, પરમાણુમાત્ર નથી અરે!**

સમયસારની આ ૩૮ મી ગાથામાં ધર્માત્માને આત્માની સ્વાનુભૂતિ કેવી થઈ તેનું અલૌકિક વર્ણન છે.

આત્માને પહેલાં ધર્મ નહોતો થયો ત્યારે તેની કેવી દશા હતી? ને હવે આત્મા ધર્મરૂપ થયો–સમ્યગ્દર્શનાદિરૂપ થયો ત્યારે તેની કેવી દશા થઈ? તેનું આ વર્ણન છે.

જેને આત્માના આનંદસ્વરૂપનું ભાન થયું છે, પૂર્ણ જ્ઞાનદર્શનથી ભરેલા આત્માનો અનુભવ થયો છે એવો ધર્મી જીવ જાણે છે કે પહેલાં આવા મારા આત્માનો અનુભવ કર્યા વગર, અનાદિકાળથી મોહને લીધે હું અત્યંત અપ્રતિબુદ્ધ હતો; કોઈએ

મને ભૂલાવ્યો હતો–એમ નહિ, પણ હું પોતે મારા જ અજ્ઞાનથી અત્યંત અપ્રતિબુદ્ધ હતો; મારા સુખને ભૂલીને હું પરમાં સુખ માનતો હતો; મારો અતીન્દ્રિયઆનંદ મારા જ્ઞાનમાં આવતો ન હતો.–પહેલાં હું આવો મોહથી ઉન્મત હતો એમ હવે મને ખબર પડી. પૂર્વે પુણ્ય તો અનંતવાર કર્યાં છતાં અપ્રતિબુદ્ધ જ હતો.–પૂર્વે આવતો હતો, પણ હવે પ્રતિબુદ્ધ થયો ત્યારે કેવો થયો ? તે કહે છે.

વિરક્ત ગુરુથી નિરંતર સમજાવવામાં આવતાં કોઈપણ પ્રકારે મારું સ્વરૂપ સમજી હું સાવધાન થયો. સમજાવનાર ગુરુ કેવા છે ? કે વિરક્ત છે; રાગમાં રક્ત નથી પણ રાગથી વિરક્ત છે, રાગથી ભિન્ન ચૈતન્યપણે પોતાને અનુભવે છે, તેઓ તેવું સ્વરૂપ સમજાવે છે. જેને પોતાને હજી રાગથી જુદું અતીન્દ્રિયઆનંદમય સ્વરૂપ અનુભવમાં આવ્યું નથી તે અજ્ઞાની આત્માનું સ્વરૂપ સમજાવી શકે નહિ; એટલે ગુરુ કેવા છે તેની પણ હવે મને ઓળખાણ થઈ. રાગ અને જ્ઞાનની ભિન્નતાના અનુભવવડે જે વિરક્ત છે, એવા વિરક્તગુરુએ નિરંતર શુદ્ધ આત્માનું સ્વરૂપ સમજાવ્યું.

શિષ્યને ગુરુનો ઉપદેશ સાંભળતાં જ આત્માના અનુભવની ધૂન ચડી; નિરંતર તે સ્વરૂપ સમજવાની ધગશ છે, તેથી સમજાવનાર ગુરુ પણ તેને નિરંતર સમજાવી રહ્યા છે એમ કહ્યું. મુનિ વગેરે જ્ઞાનીગુરુ કાંઈ સમજાવવાના વિકલ્પમાં જ નિરંતર ન વર્તતા હોય, પણ એકવાર જ્યાં શ્રીગુરુ પાસેથી આત્માના જ્ઞાન–આનંદસ્વરૂપનું શ્રવણ કર્યું ત્યાં અંદરમાં 'ટચ' થઈને શિષ્યને નિરંતર તેની જ ધૂન લાગી છે; તેથી શ્રીગુરુ પણ મને નિરંતર મારું સ્વરૂપ સમજાવી જ રહ્યા છે–એમ કહ્યું.

હવે શ્રીગુરુએ શું સમજાવ્યું ? કે શ્રીગુરુનો ઉપદેશ ઝીલીને અંતરમાં જેવા ચિદાનંદ–શુદ્ધ–એક આત્માનો મેં સમ્યગ્દર્શનમાં અનુભવ કર્યો તેવો જ આત્મા, શ્રીગુરુએ મને નિરંતર સમજાવ્યો. જ્યાં અનુભવ થયો ત્યાં ખબર પડી કે અહો ! શ્રીગુરુ મને આવો આત્મા સમજાવતા હતા.

જુઓ, બીજું આડું–અવળું સમજવાની વાત ન લીધી, પણ મને શુદ્ધઆત્માના અનુભવની ગરજ હતી ને શ્રીગુરુએ પણ તે જ સ્વરૂપ મને સમજાવ્યું. શાસ્ત્રોમાં તો બીજી વ્યવહારની પણ વાત આવે, પણ તેના ઉપર મારું લક્ષ નથી, શુદ્ધ આત્મા કેવો છે ને તેનો અનુભવ કેમ થાય–તે જ એક લક્ષ છે; તેથી શ્રીગુરુએ પણ તે સમજાવ્યું

–એમ કહ્યું છે.

અહો, મારી આવી ચૈતન્યવસ્તુ, શ્રીગુરુએ મને સમજાવી...રાગથી પાર, ભેદોથી પાર, જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ અનંતા ચૈતન્યરસથી ભરેલો હું છું–એમ મારા સ્વસંવેદન પ્રત્યક્ષથી મેં અનુભવ્યું. મારું પરમેશ્વરપણું મારામાં જ છે. જેમ કોઈ મૂઠીમાં જ રહેલા સોનાને ભૂલીને બહારમાં શોધે તેથી દુઃખી થાય, ને જ્યાં યાદ કરીને પોતાની જ મૂઠીમાં રહેલું સોનું દેખે કે આ રહ્યું સોનું! – ત્યાં તરત તે પ્રકારનું દુઃખ છૂટી જાય; તેમ રાગાદિ પરભાવોની પક્કડને લીધે જીવ પોતે પોતાનું પરમેશ્વરપણું ભૂલી ગયો હતો, તેથી દુઃખી હતો, પણ શ્રીગુરુના ઉપદેશથી સાવધાન થઈને અંદર જોયું કે અહા! પરમેશ્વરપણું તો મારામાં જ છે! – ત્યાં અનંતા ગુણના પરમ–એશ્ચર્યથી ભરેલા પરમેશ્વરરૂપે પોતાને અનુભવતાં મહા પરમ આનંદ થાયછે.–આવી અનુભૂતિ પ્રગટવાનું આ વર્ણન છે. શિષ્ય નિઃશંક કહે છે કે આવી અનુભૂતિ મને થઈ છે. અરે ભાઈ! આવા આત્માના અનુભવ વગર ચૌરાશીના અનંત અવતાર તેં કર્યાં; સ્વર્ગના ને નરકના અનંતા અવતાર તેં કર્યાં. પણ તારી ચૈતન્યવસ્તુ કેવી છે તેને તેં ન દેખી.

અત્યારે તે ચૈતન્યવસ્તુને સમજવાનો આ અવસર છે. ચૈતન્યવસ્તુમાં અનંતા ગુણના રસ ભર્યા છે, તેને જાણતાં સ્વસંવેદનપ્રત્યક્ષપૂર્વક શ્રદ્ધા થઈ, નિર્વિકલ્પ અનુભૂતિ થઈ, મહા અતીન્દ્રિયઆનંદ થયો. અનંતા ગુણોનો રસ એક સાથે અભેદ અનુભૂતિમાં પ્રગટયો.

સ્વ–પરને જાણનાર તત્ત્વ હું છું – એમ જ્ઞાનસત્તાપણે ધર્મી પોતાને અનુભવે છે. પહેલાં જ્ઞાનસત્તાને ભૂલીને પરસત્તામાં એકત્વ માનતો, હવે પોતાની જ્ઞાનસત્તાનું ભાન થયું કે અહો, આ બધું જણાય છે તેમાં જાણવાની સત્તારૂપે જે સદાય અનુભવવાય છે. આવી ચૈતન્યસત્તારૂપે સ્વસંવેદનથી પોતે પોતાને જાણ્યો ત્યાં મોહનો નાશ થયો. આત્મસ્વરૂપના યથાર્થ જ્ઞાનપૂર્વક શ્રદ્ધા અને અનુભવ થયા છે; તે ત્રણે રાગથી ભિન્ન છે. આત્માને જાણવો એટલે તેની સન્મુખ થઈને અનુભવવો, તે જ જાણ્યું કહેવાય. આ રીતે આત્માને જાણવો–શ્રદ્ધવો ને અનુભવવો તે મોક્ષમાર્ગ છે. શિષ્ય કહે છે કે આવો અનુભવ કરીને હવે હું સમ્યક્ એક આત્મારામ થયો; પહેલાં અપ્રતિબુદ્ધ–ઉન્મત હતો, હવે સાચો આત્મારામ થયો. આવો હું મારા આત્માને સ્વાનુભવ–પ્રત્યક્ષ ચૈતન્યજ્યોતિરૂપે અનુભવું છુ; મારી પર્યાય આવા આત્માના અનુભવરૂપ પરિણમી રહી છે.

ધર્મીને પોતાનો આત્મા શુદ્ધપણે જ્ઞાનમાં–શ્રદ્ધામાં–અનુભવમાં આવ્યો તેનું આ વર્ણન છે.

‘હું શુદ્ધ છું’–કેમકે વ્યાવહારિક ભેદરૂપ નવતત્ત્વથી પાર એક જ્ઞાયકસ્વભાવ ભાવરૂપે હું મને અનુભવું છું ; મારી આ શુદ્ધ અનુભૂતિમાં નવતત્ત્વના વિકલ્પો નથી. નવતત્ત્વના ભેદોમાં જે અશુદ્ધતત્ત્વો છે તે સદ્ભુતવ્યવહાર છે, અને જે સંવારાદિ શુદ્ધ તત્ત્વો છે તે સદ્ભુતવ્યવહાર છે. આવા ભેદરૂપ વ્યવહારના અનુભવમાં અશુદ્ધતા છે. નવતત્ત્વના ભેદથી પાર જે એક જ્ઞાયકભાવરૂપ ભાવ તે રૂપે હું મને અનુભવું છું તેથી હું શુદ્ધ છું.–આવો અનુભવ તે આગમનો સાર છે. આવો અનુભવ કરનારું જ્ઞાન આત્માને આનંદરૂપ કરે છે, જ્ઞાન પોતે અતીન્દ્રિય આનંદસ્વરૂપ થઈને પરિણમે છે. જ્ઞાન અને સુખ કાંઈ જુદાં નથી. ચૈતન્યના સર્વગુણોનો રસ અનુભૂતિમાં સમાય છે.

જ્ઞાન–દર્શન ઉપયોગસ્વરૂપ ચૈતન્યમય હું છું–ચૈતન્યપણાને હું કદી છોડતો નથી. ચૈતન્યભાવપણે જ હું મને સદા અનુભવું છું. ચૈતન્યભાવની અનુભૂતિમાં મોહનો અભાવ છે, દુઃખનો અભાવ છે.

અહા, મારો ચૈતન્યરસ એવો છે કે જેમાં મોહ છે જ નહિ. આનંદમય ચૈતન્ય નિજરસ, તેમાંથી હવે શુદ્ધ જ્ઞાનદશાની જ ઉત્પત્તિ સદા થયા કરશે, મારા નિજરસમાં મોહનું મૂળિયું છે જ નહિ, માટે હવે ફરીને કદી મને મોહનો અંકુર ઊપજવાનો નથી. અરે, મારા ચૈતન્યરસમાં મોહ કેવો ? મારા આત્મામાં તો જ્ઞાનનાં અજવાળા પ્રગટયા છે, મહાન જ્ઞાનપ્રકાશ ખીલ્યો છે, તેમાં હવે મોહનાં અંધારા રહ્યા નથી. સીધું આત્મસન્મુખ થઈને મતિ–શ્રુતજ્ઞાને આત્માને પ્રત્યક્ષ જાણી લીધો છે, સ્વસંવેદનમાં જ્ઞાન અતીન્દ્રિય થયું છે. તે અતીન્દ્રિય જ્ઞાનપ્રકાશની શી વાત ! મહાન જ્ઞાન ઉદ્યોત થયો છે.–હું આવો નિર્મોહી થયોછું. જ્ઞાનની અસ્તિ ને મોહની નાસ્તિ, એવી પોતાની સ્વરૂપસંપદા જોઈને મારો આત્મા પ્રસન્ન થયો છે, તૃપ્ત થયો છે. મહાન શાંતરસના સમુદ્રમાં હું મગ્ન થયો છું. –આવી શુદ્ધ આત્મઅનુભૂતિ મને થઈ છે.

આવો મહાન જ્ઞાનપ્રકાશ પ્રગટયો, મહાન આત્મપરમેશ્વરરૂપે મેં મને અનુભવ્યો. હવે મારા ચૈતન્યની મહત્તાને કોઈ હીણી કરી શકે નહિ, સ્વાનુભવમાં પ્રગટેલો જે મારો મહાન જ્ઞાનપ્રકાશ, તે હવે જગતમાં કોઈથી હણાય નહિ. અહા, મારા ચૈતન્યનો કોઈ પરમ અદ્ભૂત અચિંત્ય ચમત્કાર છે. આવી પરમ અદ્ભૂત સંપદાવાળું મારું ચૈતન્ય સ્વરૂપ મેં અનુભવ્યું છે, હવે મને જગતના કોઈ પદાર્થમાં એકત્વબુદ્ધિરૂપ મોહ કેમ થાય ? કદી ન થાય.

જે ધર્મી થાય તેને આવી અનુભૂતિ થાયછે. આવા આત્માની અનુભૂતિ વગર ધર્મીપણું થાય નહિ. અહીં તો ધર્મી થયેલો જીવ કહે છે કે મેં મારા આત્માને અનુભવથી પ્રત્યક્ષ જાણ્યો છે, અતીન્દ્રિયઆનંદના વેદન સહિત સીધેસીધા જ્ઞાનથી મેં મારા આત્માને જાણ્યો છે; જાણવામાં આનંદ વગેરે અનંતગુણનું કાર્ય પણ ભેગું જ છે. તેમાં મનનું –રાગનું–ઈન્દ્રિયનું કોઈનું આલંબન નથી. ચૈતન્યના સમુદ્રમાં મગ્ન થઈને જ્ઞાન અતીન્દ્રિય થયું, તેમાં આવો આત્મા ધર્મીને પ્રત્યક્ષ ભાસ્યો છે; એવા જ્ઞાન સાથે તેની શ્રદ્ધા થઈ છે, ને તે કાળે નિર્વિકલ્પ આનંદની અનુભૂતિ થઈ છે. ચૈતન્યગોળો બધા રાગ–વિકલ્પોથી છૂટો પડી ગયો; હવે રાગનો કણ પદ કદી મને મારા ચેતનસ્વરૂપે ભાસવાનો નથી. આવો મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટયો છે.

આજની અમૃતવર્ષા ઝીલીને આનંદિત થતાં પૂ. બંને ધર્મમાતાઓએ હૃદયના ઉલ્લાસથી નીચેનું મંગલગીત ગવડાવ્યું હતું–

**આજ સોનેરી મહા મંગળ દિન ઊગ્યો રે......**
**આવો રે સૌ ભક્તજનો મંગળ વાણી સૂણીએ રે....**
**ગુરુરાજ મુખેથી આજ અમૃતવર્ષા વરસે રે....**

અમ સેવકના પ્રભુ હૃદય તલસતા,
ક્યારે છૂટે ગુરુવાણી ભવ હરનારી રે....
મધુરા સૂર ગુરુવાણીનાં વાગે.....
જ્ઞાનગંગાના પાને પાવન થઈએ રે....
ગુરુરાજવાણીમાં ચૈતન્ય ઝળકતો,
અંતરથી સૂણતાં ભવથી ભાવઠ ભાંગે રે...

જ્ઞાયકદેવના મીઠાં મંત્ર સુણાવી
મુક્તિ કેરો અપૂર્વ માર્ગ બતાવ્યા રે.....
ગુરુદેવના સૂક્ષ્મ ભાવો નિતપ્રતિ વરસો
હૈડામાં વસજો મારા અંતરમાં ઊતરજો રે.....
વાણી સૂણી મારું અંતર ઊછળે,
ગુરુવાણીથી આજે આનંદમંગળ વરતે રે.....

**નિર્વિઘ્ન ચૈતન્યવિલાસી આત્મિક આનંદદાતા**
**નિરંતર શુદ્ધાત્મ-પ્રતિબોધક ગુરુદેવશ્રી જયવંત હો.**

# અનુભૂતિમાં શાંતરસનો દરિયો ઉલ્લસ્યો છે

卐 ( અષાઢ વદ સાતમ ) 卐

આત્માની અનુભૂતિ થતાં શાંતરસનો મહા સમુદ્ર પોતે પોતામાં સાક્ષાત્ અનુભવ્યો. અહા! શાંતિનો આવો મોટો દરિયો હું છું.....જ્ઞાનની ગંભીરતાથી ભરેલ ચૈતન્યચમત્કારી મારી વસ્તુ, તેની સન્મુખ થયેલું જ્ઞાન અતીન્દ્રિય થઈને પ્રત્યક્ષ થયું છે.....તે. અતીન્દ્રિય જ્ઞાન અતીન્દ્રિય શાંતિ સહિત પ્રગટયું છે...... જેમ મોટા તરંગથી દરિયો ઊલ્લસે તેમ ધર્મીના અનુભવમાં શાંતિનો મોટો દરિયો ઉલ્લસ્યો છે....જ્ઞાનનો દરિયો ભગવાન આત્મા શાંતરસમાં લીન થઈને પોતાની પરિણતિમાં ઉલ્લસી રહ્યો છે. –આવી દશા થઈ ત્યારે આત્માનો જાણ્યો કહેવાય. અને આવા આત્માને જાણ્યા વગરનું બધું નિષ્ફળ છે–તેમાં ચૈતન્યની શાંતિનું વેદન નથી.

અહા, આવડો મોટો જ્ઞાનસમુદ્ર! અંદર પ્રગટ વિદ્યમાન છે; પણ પર્યાયમાં રાગ અને વિકલ્પ સાથે એકતાબુદ્ધિરૂપ ચાદર આડી આવી જવાથી જીવને તે જ્ઞાનસમુદ્ર દેખાતો ન હતો. હવે શ્રીગુરુના ઉપદેશ–અનુસાર આત્મસ્વભાવની સન્મુખ થઈને તેનો સ્વીકાર કરતાં તે અજ્ઞાનરૂપી ચાદર દૂર થઈ ગઈ, ને પર્યાયમાં શાંતરસથી ઉલ્લસી રહેલો મારો જ્ઞાનસમુદ્ર મેં સાક્ષાત્ દેખ્યો.....જેમ સમુદ્ર રત્નોથી ભરેલો હોવાથી રત્નાકાર કહેવાય છે. તેમ જ્ઞાનસમુદ્ર એવો મારો ભગવાન આત્મા ચૈતન્યરત્નાકાર શાંતિ–વગેરે અનંત ગુણોનો સમુદ્ર છે, તે અનંત ગુણની નિર્મળતાથી ઉલ્લસતો અનંત–અપાર સ્વરૂપ સંપદાવાળો મારો આત્મા મારી સ્વાનુભૂતિમાં આવ્યો છે, ને હે જગતના જીવો! તમે પણ આ આત્માને પ્રત્યક્ષ અનુભવરૂપ કરો.

–આવા આત્માના અનુભવજ્ઞાન વગર બીજા કોઈ સંયોગ વડે કે બહારનાં જાણપણા વડે કંઈપણ અધિકતા લાગે, તો તે જીવ અજ્ઞાનની ભ્રમણામાં રોકાઈ ગયો છે. અરે! જ્ઞાનનો મહા સમુદ્ર, તેની પાસે બહારનાં જાણપણાની શી કિંમત છે! અહા, ચૈતન્યની મહત્તા બતાવવા દરિયાની ઉપમા આપી......ને તેને ‘ભગવાન’ કહ્યો. ખરેખર દરિયો તો મર્યાદિત છે–સ્વયંભૂરમણ સમુદ્ર પણ મર્યાદિત ( અસંખ્ય યોજનનો ) છે, જ્યારે આ ભગવાન જ્ઞાનસમુદ્ર તો અનંત અમર્યાદિત સામર્થ્યવાળો છે. દરિયાની ઉપમા

–આપીને ચૈતન્યની અનંત ગંભીરતા સમજાવી છે. અરે, આવા શાંતરસથી ઉલ્લસતા ચૈતન્યજ્ઞાનસમદ્રનો અસ્વીકાર કરીને, શાસ્ત્રના ભણતર વડે પોતાની મહત્તા લાગે, કે તેમાં સંતોષ થઈ જાય,–તો તે મોટો વિભ્રમ છે. અહીં ધર્મી થયેલો આત્મા કહે છે કે એ વિભ્રમનો તો હવે વ્યય થઈ ગયો છે, ને મહાન જ્ઞાનપ્રકાશનો ઉદય થયો છે....જ્ઞાન થતાં આખો ચૈતન્યસમુદ્ર અનંતાગુણના નિર્મળ તરંગ વડે ઉલ્લસી રહ્યો છે. આ ચૈતન્યદરિયાના ઉછળતા મોજામાં અજ્ઞાન અને વિભ્રમ તો ક્યાંય ધોવાઈ ગયા, દુઃખ દૂર થયું ને પરમ આનંદ સહિત શાંતરસના મોજાંથી ચૈતન્યભગવાન–જ્ઞાનસમુદ્ર ઉલ્લસી રહ્યો છે. અહો! આવા શાંતરસના મહિમાની શી વાત કરીએ! હે જગતના જીવો! તમે પણ અંતર્મુખ સ્વસંવેદન વડે તમારા આત્મામાં આવા શાંતરસને અનુભવો. સર્વાંગ અસંખ્ય પ્રદેશે આત્મા શાંતરસમાં તરબોળ થયો છે, એનો મહિમા અપાર–અપાર છે. મહા આનંદથી ભરેલો આત્માનો અતીન્દ્રિયસ્વભાવ, તે વચનથી ને વિકલ્પોથી પાર છે. ઈન્દ્રિયજ્ઞાન પણ તેને પકડી શકતું નથી, અતીન્દ્રિય આનંદસ્વભાવને સાક્ષાત કરનારું જ્ઞાન પણ અતીન્દ્રિય થયું છે....સાધકને અનંતા ગુણોમાં રાગથી જુદું પરિણમન થઈ રહ્યું છે....અનંતાગુણોની નિર્મળ પર્યાયપણે ભગવાન આત્મા પરિણમી રહ્યો છે. પહેલાં રાગાદિ પરભાવોમાં પોતે ડૂબી જઈને નિમગ્ન થયો હતો–હવે ચિદાનંદસ્વભાવી સન્મુખ થતાં, રાગથી છૂટો પાડીને, અનંત ગુણની નિર્મળપર્યાયપણે પોતે ઉન્મગ્ન થયો–ઉલ્લસીને ઊંચો આવ્યો....અસંખ્ય પ્રદેશો અનંતગુણના આનંદરસમાં તરબોળ થઈને ખીલી ઊઠયા છે. સમ્યગ્દર્શન થતાં મારામાં આવી દશા થઈ છે–એમ ધર્મી સાક્ષાત્ જાણે છે. અનુભવમાં આત્મામાં શાંતરસનો એવો દરિયો ઊછળ્યો....કે જાણે આખો લોક શાંતરસથી ભરાઈ ગયો હોય! અનુભૂતિમાં અશાંતિનું ક્યાંય નામનિશાન નથી. આવો શાંતરસનો દરિયો લોકપર્યંત ઊછળી રહ્યો છે.

ધર્માત્માની જ્ઞાનદશામાં સહજ પરમઆનંદરૂપી અમૃતનું પૂર આવ્યું છે, આખો આત્મા પોતે સ્વભાવથી પરમાનંદપણે ઉલ્લસ્યો છે, તેમાં હવે રાગ–દ્વેષ કેવા? અશાંતિ કેવી? આત્માની અંદર ઊતરીને જે પર્યાય મહાઆનંદમાં મગ્ન થઈ તે તો પરમાનંદના પંથે ચાલી; તે પોતે આનંદરૂપ છે ને મોક્ષના પરમ આનંદને સાધે છે. આવી પરિણતિરૂપ પરિણમેલો જીવ તીર્થંકરોના માર્ગમાં શોભી રહ્યો છે.

તે ધર્માત્માને આત્માની સમીપતા એક ક્ષણ છૂટતી નથી, ને વિકલ્પો સાથે એકતા એક ક્ષણ પણ થતી નથી. જે આત્માભિમુખી ભાવ છે તે તો રાગ વગરનો જ

છે, આનંદરસથી ભરેલો છે. આત્મા પોતે સહજ આનંદસ્વરૂપ છે એટલે અંતર્મુખ થઈને આત્માની સમીપતામાં આનંદ જ વેદાય છે. મારી ચેતના–પરિણતિમાં મારો આત્મા જ સમીપ છે, ને બીજા બધા પરભાવો દૂર છે–જુદા છે. મારો આત્મા મારી પરિણતિથી જરાપણ દૂર નથી.–આત્માના સ્વરૂપનું આવું સંચેતન ધર્મીને નિરંતર હોય છે.

અહા, જ્ઞાન–દર્શનથી પૂર્ણ, શાંતરસથી ભરપૂર એવો હું, મારા સ્વસંવેદનમાં રાગ કે વિકલ્પ કેવો ? જ્ઞાનાનંદમય મારા સ્વભાવ સિવાય બીજું કાંઈ પરમાણુમાત્ર પણ મને મારાપણે જરાય ભાસતું નથી. ચૈતન્યની જે શાંતિ પાસે તીર્થંકર નામકર્મનો વિકલ્પ પણ અગ્નિની ભઠ્ઠી જેવો લાગે છે,–આવા શાંતરસમય મહા સુંદર વસ્તુ મારામાં મને પ્રગટી છે, ને હે જીવો ! તમારામાં પણ આવી સુંદર શાંતરસથી ભરપૂર ચીજવસ્તુ પડી જ છે; તો તમે પણ તમારા શાંતરસના સમુદ્રમાં જાઓને ! તેમાં તમને અપૂર્વ શાંતિ મળશે. ને અનાદિનાં દુઃખ–અશાંતિ દૂર થઈ જશે. આજે જ તમે આવા વીતરાગી શાંતરસને તમારામાં અનુભવો ! આમ સ્વાનુભવમાં પ્રગટેલા શાંતરસનો સ્વાદ ચાખવા માટે જગતના જીવોને પણ આમંત્રણ આપે છે.

**ઉપશમરસ વરસ્યા રે મારા આત્મમાં,**
**અનંત ગુણથી ઉલ્લસ્યા ચૈતન્ય દેવ જો.**
**ગુરુ વરસાવે અમૃતનાં વરસાદ રે**
**આવો......આવો ! કરીએ શાંતરસ પાન જો....**

### * રતનીયો *

આત્મા 'રતનીયો' છે.
ગુરુદેવે તેને કહે છે કે હે રતનીયા !
તું તો અનંત ચૈતન્યરત્નને ધરનાર રતનીયો છો. તું દીન નથી, અનંત રત્નોનો તું ભંડાર છો.....તેની સન્મુખ થતાં તને સમ્યક્ત્વાદિ અનંતરત્નો પ્રગટશે. જગતમાં જડ રત્નો તો બહુ થોડા છે, પણ સમ્યક્ત્વાદિ ગુણરત્નો તો એકેક જીવ પાસે અનંતા છે. એકેક આત્મા અનંત ગુણરત્નોનો ભંડાર 'રતનીયો' ( રત્નાકર ) છે.

### * રામનાં રૂપ *

રાવણના રૂપવડે સીતાજી રીઝે નહીં,
એ તો રામના રૂપ વડે જ રીઝે.

તેમ

રાગરૂપી રાવણ વડે આત્મા રીઝે નહીં;
એ તો જ્ઞાનરૂપી રામવડે જ રીઝે.

રાગના રૂપ વડે સ્વાનુભૂતિરૂપી સીતા રીઝે નહીં જ્ઞાનરૂપી જે વીતરાગી રામ, તેના વડે જ સ્વાનુભૂતિ થાય છે.

# જ્ઞાનસત્તાનો સ્વીકાર

**પ્રવચનો બંધ હતા ત્યારે પણ ગુરુદેવને જ્ઞાનરસનું ઘોલન તો અંદર ચાલ્યા જ કરતું, કોઈ કોઈવાર તે વ્યક્ત કરતા; એક વખત સ્વસંવેદન-જ્ઞાનના અદ્ભુત મહિમા સંબંધી કેટલુંક ઘોલન તેઓશ્રીએ વ્યક્ત કરેલું, તે ઉપરથી અહીં થોડુંક લખ્યું છે. ( સં. )**

સ્વસત્તાપૂર્વક પરને જાણનારું જ્ઞાન તે પ્રમાણ છે. એટલે જાણનારો જાણનારના પોતાના જ્ઞાનપૂર્વક પરને સાચું જાણે છે.

**જાણનારો જ્ઞાનશક્તિવાળો પદાર્થ તે કર્તા,**

**જ્ઞાનવડે જાણે છે તે જ્ઞાન તેનું સાધન,**

**જાણવારૂપ પરિણતિ કરે છે તે તેની ક્રિયા,**

આ રીતે કર્તા–કરણ–ક્રિયા એ ત્રણે આત્મામાં સમાય છે. હવે જાણનાર પોતે કર્તા થઈને, પોતાના જ્ઞાનસાધન વડે અને પોતાની જ્ઞાનક્રિયાવડે પરજ્ઞેયને જાણે છે,–ત્યાં તે પરજ્ઞેયની જ સત્તાને સ્વીકાર ને જાણનારી પોતાની સત્તા ન સ્વીકારે તો તે જ્ઞાન કેવું? તેને પ્રણામ કોણ કહે? ઘટ–પટ આદિ જાણ તું, તેથી તેને માન; ( પણ ) જાણનારને માન નહિ, કહીએ કેવું જ્ઞાન? એ જ્ઞાન નથી, એ તો અજ્ઞાન છે.

જેમાં જ્ઞાનસ્વરૂપ પોતાની સ્વસત્તાનો સ્વીકાર મુખ્ય હોય તે જ સાચું જ્ઞાન છે. પદાર્થોને હું મારા જ્ઞાનવડે જાણું છું–એમ કોઈ કહે, અને મને પદાર્થો પ્રત્યક્ષગોચર થાય છે પણ મારું જ્ઞાન પ્રત્યક્ષગોચર થતું નથી–એમ કહે તો તે સ્વસત્તાનો અસ્વીકાર કરવા જેવું, ( વદતો વ્યાઘાત જેવું ) છે.

દીવાના પ્રકાશમાં પદાર્થો પ્રત્યક્ષ જણાય છે ને દીવાનો પ્રકાશ નથી જણાતો એમ કેમ બને? તેમ પદાર્થો જણાય છે–પણ જેમાં પદાર્થો જણાય છે તે જ્ઞાન નથી જણાતું –એમ કેમ બને? અહો, ચૈતન્યસ્પર્શી ન્યાયોથી સંતોએ તો જ્ઞાનનું સ્વસંવેદન

કરાવ્યું છે. અરે જીવ ! સર્વત્ર પહેલાં તું તારા જ્ઞાનને જો. સ્વોન્મુખી થઈને જ્ઞાનસ્વરૂપ પોતાને પ્રત્યક્ષ જાણ્યા વગર એક પણ પદાર્થનું તારું જ્ઞાન સાચું નહિ થાય. સ્વના જ્ઞાનસહિત પરનું જ્ઞાન તે જ સાચું જ્ઞાન છે.

- જ્ઞાનસિવાયના પદાર્થો કાંઈ પદાર્થોને પ્રકાશતા નથી.
- જ્ઞાન જ સ્વસત્તાથી તે પદાર્થોને પ્રકાશે છે–જાણે છે.
- પદાર્થોને જાણનારું તે જ્ઞાન પોતે સ્વયંપ્રકાશી–શક્તિવાળું હોવાથી પોતે પોતાને પણ જાણે છે.
- જ્ઞાન સિવાયના જે પદાર્થો છે તેઓ પોતે કાંઈ પોતાને પ્રકાશતા નથી, તેને તો બીજો પ્રકાશે છે એટલે કે જ્ઞાન તેને પ્રકાશે છે.
- પણ જ્ઞાન તો પોતે પોતાને પણ પ્રકાશે છે, પોતે પોતાને પ્રકાશવામાં ( જાણવામાં ) તેને બીજાની જરૂર પડતી નથી.
- જેમ શબ્દો વગર પણ ( આ ઘટ, આ પટ એવા શબ્દ વગર પણ ) તે પદાર્થોનું ( ઘટ–પટનું ) જ્ઞાન થાય છે; તેમ શબ્દો કે સંબંધી વિકલ્પો વગર એકલા જ્ઞાનવડે જ્ઞાનસ્વરૂપ આત્માનું જ્ઞાન થાય છે.
- અહા, જ્ઞાનનો સ્વભાવ તો જુઓ ! રાગ વગર જ પોતે પોતાના સ્વરૂપે પ્રકાશી જ રહ્યું છે. રાગ અને વિકલ્પોથી પર રહીને, એકલા વીતરાગી આનંદરસમાં તરબોળ રહીને સ્વ–પરને પ્રકાશ્યા કરે એવું અચિંત્ય મારું જ્ઞાનસ્વરૂપ છે.–આવા જ્ઞાનસ્વરૂપનું સંતોએ સ્વસંવેદન કરાવ્યું છે. જય હો વીતરાગી સંતોનો !

**સંસારના ઘોર વિકલ્પોથી છૂટવા શું કરવું ?**

‘હું શાંત જ્ઞાન છું’ એવી ભાવના ભાવવી. શાંત–જ્ઞાનમાં સંસારના વિકલ્પોનો પ્રવેશ નથી. તેથી તેની ભાવના કરનાર જીવ ઘોર સંસાર–વિકલ્પથી છૂટે છે ને મુક્તિની પરમ શાંતિને પોતામાં વેદે છે.

# સમ્યગ્દ્રષ્ટિ જીવની દશા અને તેનો મહિમા

**સમ્યગ્દ્રષ્ટિએ જગતનું ઉત્કૃષ્ટ કાર્ય કરી લીધું તેથી તે ધન્ય છે....ધન્ય છે....**

**દોષરહિત ગુણસહિત સુધી જે સમ્યક્ દર્શ સજે હૈ,**
**ચરિતમોહવશ લેશ ન સંજમ પૈ સુરનાથ જજે હૈ,**
**ગૃહી, પૈં ગૃહમેં ન રચેં, જયોં જલતેં ભિન્ન કલમ હૈ,**
**નગરનારીકો પ્યાર યથા કાદવમેં હેમ અમલ હૈ. ૧૫.**

છહ્‌ઢાળની આ ગાથામાં સમ્યગ્દર્શનધારક જીવની અંતરની દશા ઓળખાવીને તેનો મહિમા કર્યો છે. અહો, સમ્યગ્દર્શન એટલે શું? લોકોને તેની કિંમત નથી; તેને જરાય સંયમ ન હોય તોપણ તે પ્રશંસનીય છે, દેવો પણ તેનો મહિમા કરે છે. જેણે દોષરહિત અને ગુણસહિત સમ્યગ્દર્શન ધારણ કર્યું છે,–સમ્યગ્દર્શન વડે આત્માને શણગાર્યો છે, તે ઉત્તમબુદ્ધિવાન ભલે ગૃહવાસમાં રહેલ હોય છતાં ગૃહમાં તે જરાય રત નથી; જેમ જળમાં રહેલું કમળ જળથી જુદું છે, જેમ નગરનારીનો પ્રેમ તે સાચો પ્રેમ નથી અને જેમ કાદવમાં રહેલું સોનું કટાતું નથી, તેમ ગૃહ વાસમાં રહેલા સમ્યગ્દ્રષ્ટિનું અલિપ્તપણું જાણવું. જુઓ, ત્રણ તો દ્રષ્ટાંત આપીને સમ્યગ્દ્રષ્ટિનો મહિમા સમજાવ્યો.

સમ્યગ્દ્રષ્ટિને 'સુધી' કહ્યા છે. સુ–ધી એટલે સમ્યક્ છે જેની બુદ્ધિ એવા સાચા બુદ્ધિવંત; ચૈતન્યને સાધવા માટે સાચી બુદ્ધિવાળા સમ્યગ્દ્રષ્ટિ તે સુધી છે; બાકી તો બધા કુબુદ્ધિ છે. સુબુદ્ધિ–સમ્યગ્દ્રષ્ટિ વિષયોથી પાર આત્માને અનુભવનારા, તેને ભલે સંયમદશા જરાય ન હોય, હજી વિષયાસક્તિ હોય, ગૃહવાસમાં હોય, છતાં સુરનાથ ઈન્દ્રાદિ દેવો પણ તેને પ્રશંસે છે. આવો સમ્યગ્દર્શનનો મહિમા છે.

આત્મામાં જેણે બુદ્ધિ જોડી તે જ સાચા બુદ્ધિમાન છે; બીજું જાણપણું તેને ભલે ઓછું હોય, તે સમ્યગ્દ્રષ્ટિજીવો આઠ ગુણના આભૂષણોથી શોભે છે. મુનિ દશાની ભાવના હોવા છતાં હજી ચારિત્રમોહ વર્તે છે. તેથી સંયમ લઈ શકતા નથી, કર્મને કારણે નહિ પણ પોતે ચારિત્રમોહને વશ વર્તે છે તે કારણે, એટલે પોતાના તેટલા દોષને કારણે તે હજી આરંભ–પરિગ્રહમાં રહ્યા છે, વિષય–વ્યાપાર છોડીને હજી મુનિ થયા નથી, સંયમ કે વ્રત લેશમાત્ર નથી, વેપાર–ધંધા–સ્ત્રી વગેરે હોય છે, છતાં તે સમ્યગ્દ્રષ્ટિ તેમાં રાચતા નથી, તેનું સમ્યગ્દર્શન બગડતું નથી, તે તો જળ–

કમલવત્ પોતાને જુદો ને જુદો અનુભવે છે; અંદર ચૈતન્યનું વિષયાતીત સુખ ચોખ્ખું છે, એટલે વિષયોમાં સુખ માનીને લેપાતા નથી. વ્રતાદિનો અભાવ હોવા છતાં તેમાં સમ્યગ્દર્શનનો દોષ નથી, સમ્યગ્દર્શન તો તેનું ત્રણલોકમાં પ્રશંસનીય છે.

સમ્યગ્દર્શન પ્રતાપે અનંતાનુબંધી કષાયનો અભાવ થતાં સ્વરૂપચારણ તો વર્તે છે, પણ શ્રાવકનું કે મુનિનું ચારિત્ર નથી તેથી તે અસંયમી છે, અસંયમી હોવા છતાં તે પ્રશંસનીય છે; અસંયમ કાંઈ પ્રશંસનીય નથી પણ સમ્યગ્દર્શન પ્રશંસનીય છે; તે સમ્યગ્દર્શનના પ્રતાપે મોક્ષને સાધી રહ્યા છે.

અને જેને ચૈતન્યનું ભાન નથી ને રાગની રુચિમાં વર્તે છે તેને તો મિથ્યાત્વ સહિત અનંતાનુબંધી કષાયો વર્તે છે, તેને વિષયોની રુચિ છૂટી નથી, કેમકે જેને રાગનો પ્રેમ છે તેને વિષયોનો પ્રેમ પણ પડયો જ છે; તે શુભરાગથી વ્રતાદિ પાળે તોપણ તેને પ્રશંસનીય નથી કહેતા, કેમકે તે મોક્ષના માર્ગમાં આવ્યો નથી. તેથી સમન્તભદ્ર મહારાજે કહ્યું છે કે–દર્શનમોહરહિત એવા નિર્મોહી સમ્યગ્દષ્ટિ–ગૃહસ્થ તો મોક્ષમાર્ગમાં સ્થિત છે, પણ જે મોહવાન છે એવા મિથ્યાદૃષ્ટિ અણગાર (દ્રવ્યલિંગી સાધુ) મોક્ષમાર્ગમાં નથી; માટે મોહી મુનિ કરતાં નિર્મોહી ગૃહસ્થ શ્રેય છે–ભલો છે–ઉત્તમ છે. અહો, આવા સમ્યગ્દર્શનસમાન શ્રેયકર ને ત્રણલોકમા બીજું કોઈ નથી.

મિથ્યાદૃષ્ટિ સૂકી રોટલી ખાતો હોય કે ઉપવાસ કરતો હોય છતાં તેને રાગમાં ને વિષયોમાં સુખબુદ્ધિ છે; અને સમકિતી રસ પૂરી મિષ્ટાન્ન જમતો હોય છતાં તેને તેનો રસ નથી, ચૈતન્યસુખ પાસે વિષયોમાંથી સુખબુદ્ધિ છૂટી ગઈ છે, એટલે તે વિષયોમાં રત નથી. જોકે ચારિત્રદોષથી વિષયાસક્તિ છે પણ સમ્યક્ત્વનો દોષ નથી.

પ્રશ્નઃ–સમ્યગ્દૃષ્ટિને બાહ્યવિષયો હોય છે તો પછી અમને શો વાંધો ?

ઉત્તરઃ–ભાઈ, એ તારો સ્વચ્છંદ છે. સમ્યગ્દૃષ્ટિને જોતાં તને આવડતું નથી; આત્માના સુખની તને ખબર નથી ને રાગમાં તારી બુદ્ધિ પડી છે એટલે તું રાગને અને વિષયોને જ દેખે છે, પણ સમ્યગ્દૃષ્ટિને રાગાતીત–વિષયાતીત અતીન્દ્રિય જ્ઞાન ચેતના વર્તી રહી છે તેને તો તું દેખતો નથી. એ ચેતના વિષયોને કે રાગને અડતી જ નથી, જુદી ને જુદી જ રહે છે; ને એવી ચેતનાને લીધે જ તે સમ્યગ્દૃષ્ટિ પ્રશંસનીય છે. જ્યારે તારામાં તો જ્ઞાનચેતના છે જ નહીં, રાગમાં જ તું તો એકાકાર છો. છતાં 'અમને શો વાંધો ? ' એમ કહે છે તે તારો સ્વછંદ છે.

એક જ ઘરમાં બે પુત્રો હોય, બંને સરખા ભોગોપભોગ ભોગવતા હોય, પણ તે વખતે એકને અનંતો બંધ થાય છે, બીજાને અલ્પ! તેનું કારણ? અંદરની દ્રષ્ટિના ફેરે મોટો ફેર પડે છે.

અરે, સમ્યગ્દ્રષ્ટિ તો પરમાત્માનો પુત્ર થઈ ગયો, પરમાત્માના ખોળે બેઠો, હવે તેને કેવળજ્ઞાન લેવાની તૈયારી છે; મોક્ષમહેલની સીડી ઉપર ચડવાનું તેણે શરૂ કરી દીધું છે. ( मोक्षमहलकी परथम सीढी... એમ ૧૭ મા પદમાં કહ્યું છે. )

અહો, આવા પવિત્ર સમ્યગ્દર્શનને બહુમાનથી ધારણ કરો. જરાપણ કાળ નકામો ગુમાવ્યો વિના, પ્રમાદ છોડીને, અંતરમાં શુદ્ધાત્માનો અનુભવ કરીને સમ્યગ્દર્શનને ધારણ કરો.

સમ્યગ્દ્રષ્ટિને જરાપણ સંયમ કે વ્રત ન હોવા છતાં દ્રષ્ટિ અપેક્ષાએ તો તે આખા લોકાલોકથી ઉદાસ થઈ ગયો છે. દેવો તેનો આદર કરે છે કે–

**વાહ! ધન્ય તમારો અવતાર, ને ધન્ય તમારી આરાધના!**
**ભવનો કર્યો અભાવ, એવો ધન્ય તમારો અવતાર!**
**સમ્યગ્દર્શનવડે તમારો માનવજન્મ તમે સફળ કર્યો!**
**તમે જિનેશ્વરના પુત્ર થયા, તમે મોક્ષના સાધક થયા.**

ઇન્દ્ર પોતે સમ્યગ્દ્રષ્ટિ છે, અવધિજ્ઞાની છે, સમ્યક્ત્વનો મહિમા પોતે અંદર અનુભવ્યો છે એટલે અસંયમી મનુષ્યના કે તિર્યંચના પણ સમ્યગ્દર્શનની તે પ્રશંસા કરે છે. ભલે વસ્ત્ર હોય, પરિગ્રહ હોય, તેથી કાંઈ સમ્યગ્દર્શનરત્નની કિંમત ઘટી ન જાય. ચીંથરે વીટેલું રત્ન હોય તેની કિંમત કાંઈ ઘટી ન જાય, તેમ ગૃહસ્થનું સમ્યગ્દર્શનરૂપી રત્ન અસંયમરૂપી મેલા ચીંથરે વીંટેલું હોય તેથી કાંઈ તેની કિંમત ઘટી ન જાય. સમ્યગ્દર્શનને લીધે તે ગૃહસ્થ પણ મોક્ષનો પંથી છે.

સમ્યગ્દ્રષ્ટિ આત્માના આનંદમાં રહેનાર છે; જ્યાં આત્માના આનંદનો સ્વાદ ચાખ્યો ત્યાં જગતના વિષયોનો પ્રેમ તેને ઊડી ગયો છે. એની દશા કોઈ પરમ ગંભીર છે, તે બહારથી ઓળખાય તેવી નથી. એકલો ચિદાનંદસ્વભાવ અનુભવીને જેણે ભવનો અભાવ કર્યો છે તેને સમ્યગ્દર્શનનો અચિંત્ય મહિમા છે; અનાદિના દુઃખનો નાશ કરીને અપૂર્વ મોક્ષસુખનો તે દેનાર છે; અનંતકાળમાં જે નહોતું કર્યું તે તેણે કર્યું. આવા સમ્યગ્દર્શનનું સ્વરૂપ ને તેનો મહિમા તો ગંભીર છે; કાંઈ દેવોદ્વારા પૂજાને લીધે તેનો મહિમા નથી, તેનો મહિમા તો અંદર પોતાના આત્માની અનુભૂતિથી છે. એ અનુભૂતિનો મહિમા તો વચનાતીત છે.

જેને રાગમાં એકત્વ છે એવા મિથ્યાદ્રષ્ટિ–મહાવ્રતી કરતાં તો રાગથી ભિન્ન ચૈતન્યને અનુભવનાર સમ્યગ્દ્રષ્ટિ અવ્રતી પણ પૂજ્ય છે–મહિમાવંત છે–પ્રશંસનીય છે. અહો! તમે આત્માનાં કામ કર્યાં, આત્માની અનુભૂતિવડે તમે ભગવાનના માર્ગમાં આવ્યા; –એમ ઈન્દ્રને પણ પોતાના સાધર્મી તરીકે તેના પ્રત્યે પ્રેમ આવે છે. આવા મનુષ્યદેહમા પંચમકાળની પ્રતિકૂળતા વચ્ચે પણ તમે આત્માને સાધ્યો....તમને ધન્ય છે –એમ 'સુરનાથ જજે હૈં' એટલે કે સમ્યક્ત્વનું બહુમાન કરે છે, અનુમોદન કરે છે, પ્રશંસા કરે છે. શ્રી કુંદકુંદસ્વામી જેવા વીતરાગી સંત પણ અષ્ટપ્રાભૃતમાં કહે છે કે–

**તે ધન્ય છે, કૃતકૃત્ય છે, શૂર-વીર ને પંડિત છે,**
**સમ્યક્ત્વ-સિદ્ધિકર અહો! સ્વપ્નેય નહિ દુષિત છે.**

સમ્યગ્દ્રષ્ટિ ચાંડાળદેહમાં રહેલો હોય તોપણ દેવ જેવો છે એમ સમન્તભદ્રસ્વામી રત્નકરંડશ્રાવકાચારમાં કહે છે–

सम्यग्दर्शनसंपन्नम् अपि मार्गतदेहजम्।
देवा देवं विदुर्भस्मगूढांगारान्तरौजसम् ।। २८ ।।

ચાંડાળશરીરમાં ઊપજયો હોય તોપણ જે જીવ સમ્યગ્દર્શનસંપન્ન છે તેને ગણધરદેવ 'દેવ કહે છે; ભસ્મથી ઢંકાયેલ તેજસ્વી અંગારની જેમ તે જીવ સમ્યક્ત્વવડે શોભે છે. સમ્યગ્દ્રષ્ટિ તિર્યંચપર્યાયમાં હોય કે સ્ત્રીપર્યાયમાં હોય તોપણ સમ્યક્ત્વના પ્રતાપે તે શોભે છે. તિર્યંચપર્યાય ને સ્ત્રીપર્યાય લોકમાં સામાન્યપણે નિંદનીય છે, પણ જો સમ્યગ્દર્શનસહિત હોય તો તે પ્રંશંસનીય છે. ભગવતી–આરાધનામાં પણ સમ્યગ્દ્રષ્ટિ સ્ત્રીની ઘણી પ્રશંસા કરી છે. ( જુઓ ગાથા–૯૯૪ થી ૯૯૯ )

ગૃહસ્થ સમ્યગ્દ્રષ્ટિ સ્ત્રી હોય, પુત્રાદિસહિત હોય તોપણ તે ગૃહમાં રાચતા નથી, એની રુચિ આત્મામાં છે, જરાય રુચિ બીજામાં નથી. પોતાથી જેને ભિન્ન જાણ્યા તેનો પ્રેમ રહ્યો નથી. સ્વાનુભવવડે સ્વ–પરની વહેંચણી કરી નાંખી છે કે જ્ઞાનાનંદસ્વરૂપ જ હું, ને શુદ્ધઆત્માના વિકલ્પથી માંડીને આખી દુનિયા તે પર;–આવી દ્રષ્ટિનો અપાર મહિમા છે, તેનું અપાર સામર્થ્ય છે; તેમાં અનંત કેવળજ્ઞાનના પુંજ આત્માનો જ આદર છે. અહા, એની અંદરની પરિણમનધારામાં એણે આનંદમય સ્વધાર જોયું છે, તે પોતાના આનંદઘરમાં જ રહેવા ઈચ્છે છે; રાગને પરઘર માને છે, તેમાં જવા ઇચ્છતો નથી. ચૈતન્યધામ–કે જ્યાં મન ચોંટયું છે ત્યાંથી ખસતું નથી, ને જયાંથી જુદું પડયું છે ત્યાં જવા માંગતું નથી.

આઠ વર્ષની દીકરી હોય, સમ્યગ્દર્શન પામે, ને તેના માતા–પિતાને ખબર પડે તો તે પણ કહે કે વાહ દીકરી! તારા અવતારને ધન્ય છે! તેં આત્માનાં કામ કરીને જીવન સફળ કર્યું. આત્મામાં સમકિત–દીવડો પ્રગટાવીને તેં મોક્ષનો પંથ લીધો. ઉમર ભલે નાની હોય, પણ આત્માને સાધે તેની બલિહારી છે. દેવો પણ તેનાં વખાણ કરે છે.

સમ્યગ્દ્રષ્ટિ પરભાવોથી ને સંયોગોથી અલિપ્ત છે; બહારમાં ભલે ત્યાગ ન હોય, અસંયમી જ હોય, ઘરમાં સ્ત્રી આદિ સહિત રહ્યો હોય, છતાં અંતરની દ્રષ્ટિમાં તે કેવો અલિપ્ત છે? તે વાત અહીં ત્રણ દ્રષ્ટાંતથી સમજાવી છેઃ–

(૧) જળમાં રહેલા કમળની જેમ તે અલિપ્ત છે. સમયસારની ૧૪ મી ગાથામાં પણ આત્માનો અલિપ્તસ્વભાવ બતાવવા આ દ્રષ્ટાંત આપ્યું છે. જેમ કમળ પાણીની વચ્ચે રહેલું દેખાય છે પણ તેનો સ્વભાવ જુઓ તો તે પાણીને અડયું જ નથી; તેમ ધર્માત્મા સંયોગ અને રાગરૂપી કાદવ વચ્ચે રહેલા દેખાય પણ એના જ્ઞાનભાવને જુઓ તો તે પરભાવોથી તદ્દન અલિપ્ત છે. જ્ઞાન તો રાગથી જુદું જ છે, તે જ્ઞાન પરભાવોથી લેપાતું નથી. આત્માનું જ્ઞાન પરથી ભિન્ન છે; જેને જુદા જાણ્યા તેમાં અહંપણું કેમ થાય? અને જેનો પોતાના સ્વપણે અનુભવ કર્યો એવી ચૈતન્ય સત્તાનું અસ્તિત્વ કદી છૂટતું નથી, તેની દ્રષ્ટિ, તેની શ્રદ્ધા કદી છૂટતી નથી, તે પરભાવરૂપે કદી પોતાને અનુભવતા નથી. નિરંતર તેને ભાન છે કે મારા જ્ઞાનનો એક અંશ પણ અન્યરૂપે થયો નથી, જ્ઞાન પરભાવના અંશને પણ સ્પર્શતું નથી, છૂટું ને છૂટું અલિપ્ત જ રહે છે. આ રીતે સમ્યગ્દ્રષ્ટિ ગૃહવાસમાં રહ્યો હોય તોપણ જળ કમળવત અલિપ્ત જ છે.

(૨) જેમ સોનું કીચડની વચ્ચે હોય તોપણ તેને કીચડનો કાટ લાગતો નથી; સોનાનો સ્વભાવ જ કાટ વગરનો છે; તેમ અસંયમરૂપી કીચડની વચ્ચે રહ્યા છતાં ધર્માત્માનું સમ્યગ્દર્શન સોના જેવું શુદ્ધ છે, તે કટાતું નથી. ચૈતન્યબિંબ આત્મા દ્રષ્ટિમાં આવ્યો તે દ્રષ્ટિની શુદ્ધતાનું એવું જોર છે કે પરભાવને ને અડવા દેતી નથી. રાગાદિ હોવા છતાં શ્રદ્ધા–જ્ઞાન તો સો ટચના સોના જેવા શુદ્ધ વર્તે છે. તે જ્ઞાન અને વિકલ્પને અત્યંત જુદા જ રાખે છે. વિકલ્પનો જ્ઞાનમાં પ્રવેશ નથી, જ્ઞાન વિકલ્પરૂપ થતું નથી. આવા જ્ઞાનવંત સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્મા પ્રશંસનીય છે.

સમ્યગ્દ્રષ્ટિ હાલે છતાં સ્થિર, ને બોલે છતાં મૌન–એમ કહ્યું છે, કેમકે શરીર અને વચનથી અત્યંત ભિન્ન પોતાનું સ્વરૂપ જાણ્યું છે તેમાં જ તે વર્તે છે, અંદરમાં દ્રષ્ટિ અને જ્ઞાન તો નિજભાવમાં સ્થિર બેઠા છે, તે કાંઈ વિકલ્પમાં કે વાણીમાં જતા નથી, તેથી જ્ઞાની તો સ્થિર જ છે. અહો, જ્ઞાનીની આવી અંતર્દશાને વિરલા જ ઓળખે છે. બાહ્યદ્રષ્ટિથી જોનારા જીવો જ્ઞાનીને ઓળખી શકતા નથી.

**સમ્યગ્દ્રષ્ટિ જીવડો કરે કુટુંબ પ્રતિપાલ,**

**અંતરથી અળગો રહે, જેમ ધાવ ખેલાવે બાળ.**

ધાવમાતા પુત્રની જેમ જ વહાલથી બાળકને રમાડે–વહાલ કરે–સંભાળ કરે, ‘મારો પુત્ર’ એમ કહીને બોલાવે, છતાં અંદર તેને ભાન છે કે આ પુત્રને જન્મ દેનારી માતા હું નથી; તેમ ધર્માત્મા શરીરાદિની ચેષ્ટા કરતા દેખાય, ભાષામાં પણ બોલાય કે આ મારું ઘર વગેરે, પણ અંતરની દ્રષ્ટિમાં ભાન છે કે હું તો ચૈતન્ય છું, મારા ચૈતન્યભાવ સિવાય બીજી કોઈ વસ્તુ જરાપણ મારી નથી; મારી ચેતના પરભાવની જનેતા નથી.–આવું ભેદજ્ઞાન એકક્ષણ પણ છૂટતું નથી, ને પરભાવ સાથે કે સંયોગ સાથે જરાય એકતા થતી નથી.

(૩) ત્રીજું દ્રષ્ટાંત છે નગરનારીના પ્યારનું. જેમ વેશ્યાનો પર પુરુષ પ્રત્યેનો પ્રેમ તે સાચો પ્રેમ નથી, તેને તો લક્ષ્મીનો પ્રેમ છે; તેમ જેણે પોતાના ચૈતન્યતત્ત્વને પરથી અત્યંત ભિન્ન અનુભવ્યું છે એવા ચૈતન્યદ્રષ્ટિવંત ધર્માત્માને, પરવસ્તુ પોતાની માનીને તેનો પ્રેમ થતો નથી, તેનો સાચો પ્રેમ તો પોતાની ચૈતન્યલક્ષ્મીમાં જ છે. આ દ્રષ્ટાંતથી ધર્મીને પરપ્રત્યેના પ્રેમનો અભાવ બતાવ્યો છે. પોતાના ચૈતન્ય સિવાય જગતમાં ક્યાંય પરપ્રત્યે તેને આત્મબુદ્ધિથી રાગ થતો નથી, માટે તે અલિપ્ત છે.

આમ ત્રણ દ્રષ્ટાંતવડે સમ્યગ્દ્રષ્ટિ–ધર્માત્માનું અલિપ્તપણું જાણવું. આત્મા સિવાય બીજે ક્યાંય તેનું મન ઠરતું નથી, આત્મા સિવાય બીજી કોઈ વસ્તુ તેને ગમતી નથી, તેને સાચો પ્રેમ ને એકતા આત્મામાં જ છે. પર ઉપર રાગ દેખાય છે પણ તેમાં ક્યાંય પરમાં કે રાગમાં અંશમાત્ર સુખબુદ્ધિ નથી. રાગ અને સ્વભાવ વચ્ચે તેને મોટી તિરાડ પડી ગઈ છે, અત્યંત ભેદ પડી ગયો છે, તે કદી એકતા થાય નહીં. રાગ અને જ્ઞાનને તે જુદા ને જુદા જ અનુભવે છે. આવી જ્ઞાનદશાવત સમ્યગ્દ્રષ્ટિનો મહિમા અપાર છે. જેમ નાળિયેરમાં અંદર ટોપરાનો ગોટો કાચલીથી જુદો જ છે, તેમ ધર્માત્માના અંતરમાં ચૈતન્ય–

ગોટો રાગાદિ પરભાવોથી છૂટો ન છૂટો જ છે; રાગાદિરૂપ થતો નથી, સંયોગને પોતાના દેખતો નથી, તેનાથી પોતાને જુદો જ દેખે છે.

ભરતચક્રવર્તી હોય કે નાનું દેડકું હોય,–બધાય સમ્યગ્દષ્ટિની આવી દશા હોય છે. તેમણે આકાશ જેવો અલિપ્ત પોતાનો આત્મસ્વભાવ જાણ્યો છે તેથી પરભાવોના પ્રેમમાં તે લેપાતા નથી. ગૃહસ્થપણું છે–પણ તે તો હાથમાં પકડાઈ ગયેલા ઝેરી સર્પ જેવું છે. જેમ હાથમાં પકડેલો પર્સ ફેંકી દેવા માટે છે, પોષવા માટે નથી, તેમ ધર્મીને અસંયમના જે રાગાદિ છે તેને તે સર્પ જેવા સમજીને છોડવા માંગે છે; તે રાગને પોતાનો સમજીને પોષવા માટે નથી. પોતાના ચૈતન્યસ્વભાવની અનુભૂતિથી ભિન્ન જાણીને અભિપ્રાયમાં તો તે સમસ્ત પરભાવોને છોડી જ દીધા છે કે આ ભાવો હું નથી. સ્વાનુભવવડે સ્વપરનો વિવેક થયો છે એટલે સ્વતત્ત્વમાં જ પ્રીતિ છે ને પરની પ્રીતિ છુટી ગઈ છે.

વિષય–કષાયો તો પાપ છે, ધર્મી પણ તેને પાપ જ સમજે છે, પણ તે વખતે ધર્મીના અંતરમાં જે સમ્યગ્દર્શન છે તે શુદ્ધ છે, તે પ્રશંસનીય છે, તે મોક્ષનું કારણ છે. તે સમ્યગ્દર્શનનો ભાવ વિષય–કષાયોથી અલિપ્ત છે. એકસાથે જુદી જુદી બે ધારા ચાલી રહી છેઃ એક સમ્યક્ત્વાદિ શુદ્ધભાવની ધારા, ને બીજી રાગધારા, તેમાં ધર્મીને શુદ્ધભાવની ધારામાં તન્મયપણું છે, ને તેના જ વડે ધર્મીની સાચી ઓળખાણ થાય છે. અજ્ઞાની કેટલી રાગધારને દેખે છે તેથી ધર્મીને તે ઓળખી શકતો નથી.

અહા, વીતરાગી જૈનમાર્ગ! એનું પહેલું પગથિયું સમ્યગ્દર્શન, તે પણ અલૌકિક છે. જૈનમાર્ગ સિવાય બીજે તો સમ્યગ્દર્શન હોતું નથી; બીજા માર્ગની માન્યતા તે તો ગૃહીતમિથ્યાત્વ છે. ધર્મીને એવા કુમાર્ગનો આદર હોય નહીં. તેણે તો ચૈતન્યના અનંત ગુણના રસથી ભરપૂર અતીન્દ્રિય આનંદના અનુભવ સહિત આત્માની પ્રતીત કરી છે, તેની સાથે નિઃશંકતા વગેરે આઠ ગુણ હોય છે; તેને તીવ્ર અન્યાયનાં કર્તવ્ય હોય નહીં, માંસ ઈંડાં વગેરે અભક્ષ્ય ખોરાક હોય નહીં, મહા પાપના કારણરૂપ એવા સપ્ત વ્યસન (–શિકાર, ચોરી, જુગાર, પરસ્ત્રીસેવન વગેરે) તેને હોય નહીં, અરે, જિજ્ઞાસુ–સજ્જનને પણ એવાં પાપકાર્ય ન હોય તો સમ્યગ્દષ્ટિને તો કેમ હોય? ચોથાગુણસ્થાને સમ્યગ્દષ્ટિને ભલે સંયમદશા નથી છતાં તેને અલૌકિક જ્ઞાન–વૈરાગ્યદશા હોય છે, સ્વરૂપમાં આચરણરૂપ સ્વરૂપા ચરણદશા છે, મિથ્યાત્વ કે અનંતાનુબંધી ક્રોધાદિ તેને થતા જ નથી. અતીન્દ્રિયઆનંદ તે ધર્મીના જ્ઞાનમાં વર્તે છે તેથી બીજે ક્યાંય તેને સંતોષ કે આનંદ થતો નથી. વિષયોની ગૃદ્ધી નથી પણ તેનો ખેદ છે. ધર્મને નામે તે કદી સ્વચ્છંદ પોષે નહીં. અસંયમ

છે પણ કાંઈ સ્વચ્છંદ નથી. અરે, આત્માના આનંદનો સાધક તો જગતથી ઉદાસ થયો તેને હવે સ્વચ્છંદ કેવા? પર્યાયેપર્યાયે એનું જ્ઞાન રાગથી જુદું રહીને મોક્ષને સાધી રહ્યું છે, અને એમાં જ સાચો વૈરાગ્ય છે. જ્યાં રાગનું કર્તવ્ય જ ઊડી ગયું ત્યાં તેનું જોર તૂટી ગયું છે, એટલે અસંયમદશા હોવા છતાં કષાયો મર્યાદામાં આવી ગયા છે, તેના શ્રદ્ધા–જ્ઞાન મલિન થતા નથી. આવું સમ્યગ્દર્શન જે જીવ પામ્યો તે ઇન્દ્ર વડે પણ પ્રશંસનીય છે. અહો, આવા કપરાકાળે પણ અંતરમાં ઊતરીને જે આત્મદર્શન પામ્યો તે ધન્ય છે. તે તો આત્માના કપરાકાળે પણ અંતરમાં ઊતરીને જે આત્મદર્શન પામ્યો તે ધન્ય છે. તે તો આત્માના અતીન્દ્રિયઆંનદ દરબારમાં જઈને બેઠો, પંચપરમેષ્ઠીની નાતમાં ભળ્યો. શાસ્ત્રોએ જે ચૈતન્યવસ્તુનો અનંતો મહિમા ગાયો છે તે ચૈતન્યવસ્તુ તેણે પોતામાં પ્રાપ્ત કરી લીધી, પોતામાં તેનો અનુભવ કરી લીધો. તે સુકૃતી છે–જગતનું ઉત્કૃષ્ટ કાર્ય તેણે કરી લીધું છે. તેથી તે ધન્ય છે.......ધન્ય છે...ધન્ય છે!

## વૈરાગ્યની વીણા

રે આત્મા!

તારા જીવનમાં ઉત્કૃષ્ટ વૈરાગ્યના જે પ્રસંગો બન્યા હોય, ને વૈરાગ્યની વીણા જ્યારે ઝણઝણી ઊઠી હોય, એવા પ્રસંગની વૈરાગ્યધારાને બરાબર જાળવી રાખજે. ફરીફરીને તેની ભાવના કરજે. કોઈ મહાન પ્રતિકૂળતા, અપજશ વગેરે ઉપદ્રવપ્રસંગે જાગેલી વૈરાગ્યભાવનાને યાદ રાખજે. અનુકૂળતામાં વૈરાગ્યને ભૂલી જઈશ નહીં.

વળી કલ્યાણકના પ્રસંગોને, તીર્થયાત્રા વગેરે પ્રસંગોને, ધર્માત્માઓના સંગમાં થયેલા ધર્મચર્ચા વગેરે કોઈ અદ્ભૂત પ્રસંગોને, સમ્યગ્દર્શનાદિ રત્નત્રય સંબંધી જાગેલી કોઈ ઊર્મિઓને, તથા તેના પ્રયત્ન વખતના ધર્માત્માઓના ભાવોને યાદ કરીને ફરી ફરીને તારા આત્માને ધર્મની આરાધનામાં ઉત્સાહિત કરજે.

# શ્રાવણ આવ્યો.....સમકિત આવ્યું

**સમ્યક્ત્વને શ્રાવણની ઉપમા આપીને, એક સાધક પોતાની અંતર્‌પરિણતિનું કેવું સુંદર વર્ણન કરે છે તે અહીં કવિ શ્રી ધાનતરાયજીના નીચેના કાવ્યમાં જોવા મળશે. શ્રાવણમાસ નુતન વર્ષાવડે પૃથ્વીને અમીસીંચન કરીને નવપલ્લવિત કરે છે તેમ સમ્યક્ત્વદશારૂપી શ્રાવણમાસ આવતાં અસંખ્યપ્રદેશી ચૈતન્યપૃથ્વી ધર્મના આનંદમય અંકુરો વડે કેવી મજાની નવપલ્લવિત થાય છે! તે અહીં બતાવ્યું છે. શ્રાવણમાસમાં સમકિત-શ્રાવણનું આ ભાવવાહી કાવ્ય સૌને ગમશે. (સં.)**

**અબ મેરે સમકિત શ્રવણ આયો....આજ મેરે આનંદરસ વરસાયો... અબ૦**
**બીતી કુરીતિ મિથ્યામતિ ગ્રીષ્મ, પાવસ સહજ સુહાયો.... અબ મેરે૦**
**અનુભવ-દામિની દમકન લાગી, સુરતિ ઘટા ઘન છાયો.... અબ મેરે૦**
**બોલે વિમલ વિવેક પપીહા, સુમતિ સુહાગિન ભાયો.... અબ મેરે૦**
**ગુરુધુનિ ગરજ સુનત સુખ ઉપજે મોર સુમન વિકસાયો.... અબ મેરે૦**
**સાધકભાવ-અંકૂર ઊઠે બહુ જિત-તિત હરષ છવાયો.... અબ મેરે૦**
**ભૂલ-ધૂલ કહીં મૂલ ન સૂઝત, સમરસ જલ ઝર લાયો.... અબ મેરે૦**
**ભૂધર કયોં નીકસે અબ બાહિર, નિજનીરચૂ ઘર પાયો.... અબ મેરે૦**

સાધકને સમ્યક્ત્વ થતાં આત્માના અનુભવમાં અતીન્દ્રિય–આનંદમય ચૈતન્યરસ વરસ્યો, અસંખ્ય પ્રદેશમાં વીજળીક ઝબકારા જેવા પ્રકાશથી ભેદજ્ઞાન ઝળકી ઊઠયું;–તેને શ્રાવણમાસની ઉપમા આપીને, પોતાની પરિણતિની અપૂર્વતાનું વર્ણન કરતાં સાધક કહે છે કે–

અહા! હવે તો મારે સમ્યક્ત્વરૂપી શ્રાવણમાસ આવ્યો.....આત્મામાં આનંદરસની વૃષ્ટિરૂપ ચોમાસું આવ્યું. અનાદિકાળથી મિથ્યાત્વરૂપી ગ્રીષ્મઋતુના આતાપથી મારો આત્મા સંતપ્ત હતો, હવે સમ્યક્ત્વરૂપી શ્રાવણ આવતાં આનંદ સહજ

વરસાદથી મારો આત્મા શોભી ઊઠયો, ને મિથ્યાત્વની આકુળતારૂપ અનાદિનો ઉકળાટ દૂર થઈ ગયો,–સમકિત થતાં આવો આનંદમય શ્રાવણમાસ આવ્યો.

સમ્યક્ત્વરૂપી શ્રાવણ આવતાં ચૈતન્યના અનુભવરૂપ વીજળી ચમકવા લાગી. જેમ ઘોર અંધકારને ભેદીને વીજળી ઝબકી ઊઠે તેમ અમારા અંતરમાં મિથ્યાત્વને ભેદીને સમ્યક્ત્વ થતાં સ્વાનુભવરૂપી વીજળી ઊઠી; અને ચૈતન્યની સમ્યક્ પ્રીતિ –ગાઢરુચિરૂપ વાદળાની ઘરનોર ઘટા છવાઈ ગઈ. સ્વ–પરની ભિન્નતાનો નિર્મળ વિવેક થતાં ભેદજ્ઞાનરૂપી ચાતક આનંદિત થઈ ને પીયુ–પીયુ બોલવા લાગ્યા; અને સુહાગી એવી સુમતિ (સમ્યક્મતિ–શ્રુતદશા) ને પ્રસન્નતા થઈ.–મારા આત્મામાં આવા સમ્યક્ત્વરૂપી શ્રાવણમાસ આવ્યો છે.

શ્રાવણમાસમાં જેમ મેઘગર્જના થાય તેમ સાધકને ગુરુધ્વનિરૂપી મેઘગર્જના સાંભળતાં સુખ ઊપજે છે.....અને એનાં ઉતમ મનરૂપી મોરલો (ભાવશ્રુતજ્ઞાન) આનંદથી વિકસીત થાય છે....મોર કળા કરીને પ્રસન્નતાથી નાચે તેમ સાધકની જ્ઞાનકળા આનંદથી ખીલી ઊઠી છે. ચોમાસામાં પૃથ્વી લીલા અંકૂરથી શોભી ઊઠે તેમ સમ્યક્ત્વરૂપી શ્રાવણમાં સાધકભાવના ઘણા અંકૂર મારા આત્મામાં ઊગી નીકળ્યા છે.... ધર્મનાં અંકૂરથી લીલોછમ મારો આત્મા શોભી રહ્યો છે ને જયાંત્યાં સર્વત્ર અસંખ્ય આત્મપ્રદેશોમાં હર્ષ–અતીન્દ્રિયઆનંદ છવાઈ રહ્યો છે.–અહા, આવો સમ્યક્ત્વરૂપી–શ્રાવણ મારા આત્મામાં આવ્યો છે....

ઉનાળામાં ધૂળ ઉડતી હોય તે ચોમાસામાં બેસી જાય છે, તેમ મિથ્યાત્વદશામાં અનેક ભ્રમણારૂપી ધૂળ ઊડતી હતી, હવે સમ્યક્ત્વરૂપી શ્રાવણ આવતાં તે ભૂલરૂપી ધૂળ જરાય દેખાતી નથી, ભ્રમણાનો મૂળમાંથી છેદ થઈ ગયો છે; અને ચૈતન્ય વીતરાગી સમરસરૂપી જળનાં ઝરણાં આત્મામાં વહેવા લાગ્યા છે. આવા સરસ મજાના આનંદકારી શ્રાવણની વર્ષા વચ્ચે ચૂંવાક વગરના પોતાના નિજાનંદમય સ્વઘરમાં બેઠેલા ભૂધરજી હવે નિજઘરથી બહાર શા માટે નીકળે? એ તો પોતાના આનંદધામમાં બેઠા–બેઠા સમ્યક્ત્વરૂપી શ્રાવણની મોજ માણે છે,–આવો શ્રાવણ હવે અમારે આવી ગયો છે.

[ આ તો એક ઉપમા–અલંકારવડે સાધકે પોતાના અનુભવનો પ્રમોદ વ્યક્ત કર્યો છે. બાકી સ્વાનુભૂતિ તો ઉપમા વગરની છે; એ સ્વાનુભૂતિનો આનંદ તો સ્વાનુભૂતિની ગંભીરતામાં જ સમાઈ જાય છે. (સં.) ]

# તે ગુણગંભીર આચાર્યભગવંતોને અમે પૂજીએ છીએ

[ અષાઢ વદ ૧૨, નિયમસાર ગાથા : ૭૩ થી ૭૫ ઉપર પ્રવચનમાંથી ]

**અહા, મોક્ષના સાધક મુનિવરોની અંતર્દશા કેવી અદ્ભૂત હોય છે! ને તેમની દશા ઓળખનારા ધર્માત્માને તેમના પ્રત્યે કેટલો મહાન ભક્તિભાવ હોય છે? તેનો નમૂનો આ પ્રવચનમાં દેખાશે.**

અંતર્મુખ ચિદાનંદસ્વભાવને પકડીને, રાગથી જુદા પડીને શુદ્ધોપયોગવડે જ્ઞાનનું આચરણ કરનારા તે આચાર્ય છે.....તેઓ પરિપૂર્ણ ચિદાનંદ ભગવાન આત્માને જાણવામાં–શ્રદ્ધવામાં–અનુભવવામાં કુશળ છે....ગુણોથી તેઓ ગંભીર છે, ચૈતન્યના અનંતગુણોનો કબાટ તેમને ઊઘડી ગયો છે. આવા મોક્ષમાર્ગી ગુણગંભીર આચાર્ય ભગવાન ધર્મીજીવો વડે વંદ્ય છે... તેને અમે વંદીએ છીએ.

ચૈતન્યતત્ત્વમાં અનંત સ્વભાવગુણો છે, તે સ્વભાવની સન્મુખ થતાં એક સાથે અનંતગુણના રસનું વેદન થઈ જાય છે. આવા અનંતગુણસંપન્ન આત્માનો સ્વીકાર કરતાં જ્ઞાનનું બળ અનંતું ખીલી જાય છે, તે જ્ઞાન અતીન્દ્રિય થઈને સ્વભાવનું પ્રત્યક્ષ સંવેદન કરે છે.

જેનો આદર કરવો હોય તેની સન્મુખ થઈને તેનો આદર થાય છે, તેનાથી વિમુખ રહીને આદર થતો નથી. રાગની સન્મુખ થઈને ચૈતન્યભગવાનનો આદર થાય નહિ. ઘરે કોઈ સારા મોટા મહેમાન પધાર્યા હોય ત્યારે તેની સન્મુખ થઈને આદર સત્કાર કરે છે કે–આવો પધારો! પણ જો મહેમાનની સામે જુએ નહિ ને બીજાની સામે જુએ તો તેમાં મહેમાનનો અનાદર થાય છે. જેનો આદર કરવો હોય તેની સન્મુખ થવું જોઈએ. તેમ આ આત્મા ‘હરિ’ એટલે ચિદાનંદસ્વભાવના સામર્થ્ય વડે વિભાવને હરનારો ‘સિંહ,’ સર્વ પદાર્થમાં શ્રેષ્ઠ એવો ‘ઇન્દ્ર,’ આવો મોટો ભગવાન, તેને આંગણે પધરાવીને સત્કાર કરવાની આ વાત છે. શ્રદ્ધા–જ્ઞાનને અંતર્સ્વભાવની સન્મુખ કરીને એટલે પરસન્મુખ ભાવોથી જુદો પડીને જ આ ચૈતન્યભગવાનનો આદરસત્કાર ને સ્વીકાર થાય છે.–એકલા રાગની કે પરની સન્મુખ રહીને ચૈતન્યપ્રભુનો આદરસ્વીકાર થઈ શકતો નથી.–સંતો તો અંતર્સન્મુખ થઈને સર્વજ્ઞપદને આદરી રહ્યા છે–સિદ્ધપદને સાધી રહ્યા છે....ચૈતન્યઘરમાં સિદ્ધનો સત્કાર

કર્યો છે ને રાગાદિ પરભાવને જુદા કર્યા છે અહા! અનંત બેહદ સ્વભાવને સાધનારા સંતમુનિવરોની શી વાત! આખા સ્વભાવને સ્વીકારનારી પર્યાય પણ અનંતગુણના રસથી ઉલ્લસતી આનંદરૂપ થઈ ગઈ છે. અહા, અનંતગુણથી ગંભીર એવા ચૈતન્યતત્ત્વને સાધનારા જીવની દશા પણ મહાગંભીર હોય છે....

આવી દશાવડે આત્માને સાધનારા જે સાધુ પરમેષ્ઠી ભગવંતો, તેમા આચાર્ય ભગવંતો કેવા છે? તેની આ વાત છે. શાસ્ત્રકાર કુંદકુંદસ્વામી પોતે પણ આવા મહાન આચાર્ય છે; તેઓ કહે છે કે અહા! આચાર્ય ભગવંતો જ્ઞાનાદિ પંચાચારમાં પૂરા છે, ધીર અને ગુણગંભીર છે; પંચેન્દ્રિયરૂપ હાથીને વશ કરવામાં દક્ષ છે. ગમે તેવા ઘોર ઉપસર્ગો આવે તોપણ પોતાના સ્વરૂપની સાધનાથી તેઓ ડગતા નથી એવા અત્યંત ધીર છે, અને ગુણોથી ગંભીર છે. રત્નત્રયમાં જ્ઞાન–દર્શન–ચારિત્ર કહ્યા પણ એવા તો અનંત ગુણોવડે જેઓ ગંભીર છે, સ્વભાવના અનુભવમાં અનંતગુણોનું કાર્ય એક સાથે થઈ રહ્યું છે–એવા ગંભીર ગુણવાળા આચાર્યભગવંતો વંદનીય છે; તે આચાર્યભગવંતોને ભક્તિક્રિયામાં કુશળ એવા અમે ભવદુઃખને છેદવા માટે પૂજીએ છીએ.

ધર્માત્માની પરિણતિ અંદર ચૈતન્ય તરફ નમી ગઈ છે, તેમાં તે કુશળ છે એટલે વિકલ્પથી જુદી જ્ઞાનરૂપ થઈને જ તે પરિણમી રહી છે; આવી જ્ઞાનદશા તો વિકલ્પથી જુદી જ વર્તે છે, ત્યાં વચ્ચે પંચપરમેષ્ઠી ભગવંતો પ્રત્યે વંદન–નમસ્કાર વગેરેનો ભાવ આવે છે. અંદર તો ચૈતન્યના સ્વભાવમાંથી અનંત ગુણના અતીન્દ્રિય આનંદનો નિર્મળ ફૂવારો ઊછળે છે; ને પરને નમસ્કાર વગેરેનો શુભભાવ તે વ્યવહાર આચારમાં જાય છે. તેમાં પણ કહે છે કે ભક્તિક્રિયામાં કુશળતા વડે અમે પૂજીએ છીએ, એટલે નિશ્ચય–વ્યવહાર બંનેની ઓળખાણપૂર્વક અમે તે આચાર્ય ભગવંતોને પૂજીએ છીએ; એકલા રાગમાં ઊભા રહીને નથી પૂજતા. અંદર રાગથી પાર ચૈતન્યસ્વભાવની સન્મુખતાપૂર્વક તે વીતરાગી આચાર્ય ભગવંતોને અમે પૂજીએ છીએ–આ રીતે નિશ્ચય–વ્યવહાર સહિત ભક્તિક્રિયામાં કુશળતા વડે અમે આચાર્યભગવંતોને વંદીએ છીએ–પૂજીએ છીએ.

આચાર્ય–ઉપાધ્યાય કે સાધુ–તેઓ બધાય પરમ ચિદ્રૂપ આત્મતત્ત્વમાં અંતર્મુખ થઈને નિશ્ચય રત્નત્રયમાં કુશળ છે; તેમને અહીં વ્યવહારચારિત્રમાં ભક્તિથી વંદન કર્યાં છે. તેઓ જ્ઞાનાદિની શુદ્ધ પરિણતિરૂપે પરિણમી રહ્યા છે. જ્ઞાની આવા

ચૈતન્યપરિણમનને ઓળખીને તેમને નમસ્કાર કરે છે તે સાચી ભક્તિ છે. પણ પરને નમસ્કારમાં પરલક્ષ હોવાથી શુભરાગ છે; તે શુભરાગથી ચૈતન્યપરિણમન જુદું છે–એમ તે જ્ઞાની જાણે છે. અહા, સંતો ચૈતન્યની આરાધનામાં શૂરા છે. ચૈતન્યસ્વભાવના શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રરૂપ શુદ્ધરત્નત્રય, તે રત્નોને સાધવામાં શૂરવીર આચાર્ય–ઉપાધ્યાય–સાધુઓ છે.

જગતમાં જડ રત્નો તો બહુ થોડા છે; પણ સમ્યક્ત્વાદિ ગુણરત્નો તો એકેક જીવ પાસે અનંતા છે. તે અંનતા ચૈતન્યરત્નોનો ભંડાર આત્મા છે, તેની સન્મુખ થતાં પર્યાયમાં પણ સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન સુધીનાં રત્નો પ્રગટે છે. ગુરુદેવ પ્રમોદથી કહે છે કે હે રતનીયા! તું તો અનંત ચૈતન્યરત્નને ધરનારો રતનીયો છો....તું દીન નથી. અનંત મુક્તિરત્નો, આનંદમય રત્નોનો તું ભંડાર છો....અરે હીરા! ચૈતન્યના અનંતા હીરાનો તું ભંડાર છો, તેની સન્મુખ થતાં તને રત્નત્રય અને મોક્ષ પ્રગટશે.

અહા, આત્માની એક સ્વસંવેદનજ્ઞાનપર્યાયમાં અનંતા સિદ્ધો, લાખો અરિહંતો, કરોડો સાધુઓ–તે બધાના સ્વરૂપનો નિર્ણય સમાઈ જાય છે, કે જેવા જ્ઞાન–આનંદનું વેદન મને મારા સ્વસંવેદનમાં થયું તેવા જ જ્ઞાન–આનંદનું વેદન તે બધા પંચપરમેષ્ઠી ભગવંતો કરી રહ્યા છે. જુઓ તો ખરા, સાધકના સ્વસંવેદનજ્ઞાનનું મહાન સામર્થ્ય! આવી તાકાત શુભ વિકલ્પમાં નથી. સ્વસંવેદન જ્ઞાનમાં વિકલ્પ સમાઈ શકે નહિ. વિકલ્પથી જુદું કામ કરનારું જ્ઞાન જ પંચપરમેષ્ઠી વગેરેના સ્વરૂપનો સાચો મહિમા જાણે છે; અને તે જ્ઞાન અંતર્મુખ થઈને પોતાના અનંત આનંદમયમાં પ્રવૃત્તિ કરે છે; આનંદધામ શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર વડે તે મોક્ષને સાધે છે–એવા સંતોના અતીન્દ્રિય આનંદમય ચૈતન્યપરિણમનને ઓળખીને અમે ભક્તિથી તેને વંદીએ છીએ.

અહા, એ સંતો તો ચૈતન્યના નિર્વિકલ્પ શાંતરસને વેદનારા છે, ત્યાં તેમને બાહ્ય વિષયોની કાંક્ષા કેમ હોય? તેઓ પરમ નિષ્કાંક્ષ છે. અંતરમાં પરમસુખરસના પાનથી જે સ્વયં તૃપ્ત થયા તે હવે દુઃખજનક વિષયોને કેમ વાંછે?–આવા પરમ નિઃકાંક્ષભાવવાળા જૈનસાધુઓ હોય છે. સ્વભાવનું પરમ સુખ ચાખ્યા વગર વિષયોની વાંછા જીવને ખરેખર મટે નહિ. પુણ્યરાગની વાંછા તે પણ વિષયોની જ વાંછા છે. રાગ વગરના અતીન્દ્રિય ચૈતન્યસુખનો સ્વાદ ચાખ્યા વગર રાગની ને વિષયોની વાંછા મટે નહિ, ને એવા જીવને સાધુપણું ક્યાંથી હોય? સાધુઓ તો ચૈતન્યસુખનાં અમૃતથી તૃપ્ત–તૃપ્ત હોવાને લીધે પરમ નિષ્કાંક્ષ છે. પરમાત્મતત્ત્વની ભાવનાથી એટલે તેમાં

એકાગ્રતાથી જ પરમ નિષ્કાંક્ષભાવના હોય છે, ને આવી દશાવાળા રત્નત્રયયુક્ત ઉપાધ્યાયાદિ સાધુ ભગવંતોને અમે ભક્તિથી ફરી ફરીને વંદન કરીએ છીએ.

મુનિ ભગવંતો પોતાની અંતર્મુખ રત્નત્રયપરિણતિમાં વર્તે છે; વિકલ્પરૂપ બાહ્યપરિણતિ–તેમાં મુનિઓ તન્મય થતા નથી. તેમ સમ્યગ્દ્રષ્ટિ પણ પોતાના નિર્મળ ચૈતન્યભાવમાં વર્તે છે, રાગાદિમાં તે ખરેખર વર્તતા નથી. રાગપરિણતિ અને ચેતનાપરિણતિ બંને તદ્દન જુદું કામ કરે છે.

અહા, મોક્ષના સાધક સાધુઓની દશા તો પરમાત્મતત્ત્વની ભાવનામાં પરિણમી ગઈ છે, એકદમ અંતર્મુખ ઢળી ગઈ છે, તેથી તે નિર્મોહ અને નિર્ગ્રંથ છે. ચૈતન્યના આનંદનો અનુભવ કરીને જેઓ વિષયોથી સદા વિરક્ત છે ને આત્મામાં સદા અનુરક્ત છે એવા ચાર આરાધનાના આરાધક સાધુઓ, મોક્ષની સન્મુખ છે ને ભવથી વિમુખ છે; એવા સાધુઓની પવિત્ર ચૈતન્યદશા અમને વંદ્ય છે, અમે તેને વંદીએ છીએ.

卐 णमो लोए सव्व साहूणं 卐

## અપૂર્વ મહિમાવંત ચૈતન્યવસ્તુ

જેને અંતરમાં આત્માની ગરજ થઈ હોય, સમ્યગ્દર્શન પ્રગટ કરવાની ચાહના જાગી હોય તેવો જીવ ચૈતન્યને પકડવા માટે એકાંતમાં અંતર્મંથન કરે છે કે અહો! ચૈતન્યવસ્તુનો મહિમા કોઈ અપૂર્વ છે, એની નિર્વિકલ્પ પ્રતીતિને કોઈ રાગનું કે નિમિત્તનું અવલંબન નથી; શુભભાવો અનંતવાર કર્યા છતાં ચૈતન્યવસ્તુ લક્ષમાં ન આવી, તો તે રાગથી પાર ચૈતન્યવસ્તુ કોઈ અંતરની અપૂર્વ ચીજ છે, તેની પ્રતીત પણ અપૂર્વ અંતર્મુખ પ્રયત્નથી થાય છે.–આમ ચૈતન્યવસ્તુને પકડવાનો અંતર્મુખ ઉદ્યમ તે સમ્યગ્દર્શનનો ઉપાય છે.

# 卐 ધર્માત્માનો મંગલ ઉત્સવ 卐

## “ચેતનાની શોધમાં.....”

[ એક નાનકડી નાટિકા ]

ધર્માત્મા સંતોના ભક્તિ–બહુમાનપૂર્વક જ્ઞાનાદિના અનેકવિધ મંગલઉત્સવો સદાય ઉજવાતા હોય છે. એવા મંગલ ઉત્સવ વખતે, જે ધર્માત્માના નિમિત્તે તે ઉત્સવ ઉજવાય છે તે ધર્માત્માના અંતરંગ હાર્દ સુધી જીવ પહોંચે તો તેને મહાન આત્મલાભ થાય. અંતરંગ હાર્દને ઓળખ્યા વગર એકલા બહારના ઠાઠ–માઠ કે નૃત્ય–ગાનમાં ધર્માત્માનો સાચો મહિમા પ્રસિદ્ધ થઈ શકતો નથી. એટલે મુમુક્ષુ જીવની ભક્તિ માત્ર ભજન–સંગીત કે નૃત્ય–ગાનમાં જ સમાપ્ત થતી નથી પણ તેનાથી આગળ વધીને ધર્માત્માના ઊંડા હૃદયમાં પ્રવેશીને તેની ચેતના સુધી પહોંચી જાય છે. ધર્માત્માના અંતરંગ હાર્દ સુધી પહોંચીને તેના સાચા મહિમાને પ્રસિદ્ધ કરતી એક નાનકડી નાટિકા અહીં આપી છે–જે સર્વે મુમુક્ષુઓને આનંદ આપશે. ( સં. )

**[ એક સખી એકલી-એકલી ટળવળી રહી છે.....**
**ત્યાં દૂરથી બીજી સખી આવી રહી છે— ]**

**એક સખી:**–ઓ સખી !

ઓ સખી ! હું તો ભટકી–ભટકી,
શોધું ચેતના મ્હારી......

ક્યાં મળશે મુજ ચેતના,
સખી ! હું તો ટળવળતી......

**બીજી સખી:**–અહીં આવ, બેની અહીં આવ ! તને ચેતના અહીં મળશે. અહીં ચેતનાવંત ધર્માત્મા બિરાજી રહ્યા છે, તેમની સેવાથી તને ચેતના મળશે.

[ આપણે આ બંને સખીઓનાં નામ ચિતિ અને જ્ઞપ્તિ રાખીશું. ] જ્ઞપ્તિની વાત સાંભળીને ચિતિ દોડતી નજીક આવે છે; ને ધર્માત્માને દેખીને આનંદિત થાય છે.

**ચિતિ:**- વાહ સખી ! અદ્ભૂત છે આ ધર્માત્મા ! ચેતનાની પ્રાપ્તિ માટે આપણે આ

સંતજ્ઞાનીના જ શરણે રહીશું.

–જો તો ખરી બેન! કેવી અદ્ભુત છે એમની મુદ્રા! કેવો પુણ્યપ્રભાવ એમની મુદ્રા પર ઝળકી રહ્યો છે!! ને કેવી મહાન પ્રભાવનાનાં કાર્યો તેઓ કરી રહ્યાં છે!!

જ્ઞપ્તિઃ–સખી, એ બધી વાત તારી સાચી; પણ એનાથી વિશેષ કાંઈ તને દેખાય છે?

ચિતિઃ–( ઊંચે–નીચે જોઈને– ) બેન, બીજું તો કાંઈ મને દેખાતું નથી; તું બતાવ!

જ્ઞપ્તિઃ–અરે બેન! મૂળ વસ્તુને જ તું તો ભૂલી ગઈ! લે સાંભળ! આ પુણ્યપ્રભાવ આ વૈરાગ્યરસઝરતી મુદ્રા, અને આ પ્રભાવનાનાં કાર્યો–એ કોઈની સાથે આ ધર્માત્માની ચેતના તન્મય નથી. આ જ્ઞાની–ધર્માત્માની ચેતના તો એમના આત્મા સાથે જ તન્મય છે, ને એ ચેતનાથી જ તેઓ પૂજ્ય છે, તેનાથી જ તેઓ વીતરાગ છે, તેને લીધે જ તેઓ મહાન અને મોક્ષના સાધક છે.

સાંભળ–

**મંગલમય મંગલકરણ વીતરાગ-વિજ્ઞાન;**

**નમું તેહ જેથી થયા અરિહંતાદિ મહાન.**

**ચિતિઃ**-વાહ બેન, સાચી વાત! આપણે એવા વીતરાગી વિજ્ઞાનસ્વરૂપે ઓળખીને જ આ ધર્માત્માની સેવા કરવાની છે....પણ બેન, એમને વીતરાગ–વિજ્ઞાનસ્વરૂપે કેવી રીતે ઓળખવા?

જ્ઞપ્તિઃ–અહા, એ ઓળખાણ તો ઘણી ગંભીર છે, ઘણી ઊંડી છે.

ચિતિઃ– ભલે ગંભીર હોય, ને ભલે ઊંડી હોય, પણ આપણે શીખવી તો છે જ ને!

જ્ઞપ્તિઃ–હા, બેન! જરૂર શીખીશું. જો, તેમની પાસેના આ સમ્યગ્દષ્ટિએ એમને સાચા સ્વરૂપે ઓળખી લીધા, ને તેમના પ્રતાપે પોતાની ચેતનાને પણ ઓળખી લીધી. પ્રવચનસારની ૮૦ મી ગાથામાં કહ્યું છે તેવું તેમણે કર્યું.

ચિતિઃ–વાહ બેન! તેઓ જ તેમના ખરા શિષ્ય થયા; ને તેઓ જ તેમના સાચા સાધર્મી થયા. કેવું મજાનું આદર્શરૂપ છે આ ધર્માત્માઓનું જીવન!

જ્ઞપ્તિઃ–હા સખી! એટલે તો આપણે આનંદથી એનો ઉત્સવ ઊજવીએ છીએ.

ચિતિઃ– હા બેન, પણ હવે આપણે માત્ર બહારના ઉત્સવની ધામધૂમથી સંતોષ નહિ

માનીએ, પણ આ ધર્માત્માની જેમ આપણે પણ એમની ચેતનાને ઓળખીશું, ને આપણે પણ તેમના જેવી ચેતના પ્રાપ્ત કરીને 'અપૂર્વ ભાવમહોત્સવ' ઊજવીશું. –

**ચેતનારૂપ જ્ઞાની સાચા.....એનું સેવન કરશું......**
**ચેતનારૂપ સ્વયં બનીને.....આનંદ-ઉત્સવ કરશું......**

જ્ઞપ્તિઃ–વાહ રે વાહ! સખી, ધન્ય તે મહોત્સવ....ને ધન્ય તે ચેતના!

(બન્ને સખીઓ હાથ મિલાવીને ગાતાંગાતાં ધર્માત્માની ભક્તિ કરે છે.)

**ચેતનારૂપ થાવા ચાલો.....જ્ઞાનીઓના ચરણે.....**
**સમ્યક્સુખડી લેવા ચાલો....સંતજનોના ચરણે.....**
**જીવન અમારું સુખી થાયે......ગુરુજીનાં શરણે.....**
**ભક્તિથી સૌ શિર ઝુકાવો જ્ઞાનીઓનાં ચરણે.....**

**卐 જ્ઞાનીઓની આનંદમય ચેતના જયવંત હોય 卐**

* ગુરુદેવ વૈરાગ્યથી કહે છે કે અરે, આ સંસારમાં વૈરાગ્યના પ્રસંગ બન્યા જ કરે છે. કર્મરૂપી દુશ્મને જીવન હેરાન કરવા માટે આ શરીરરૂપી પીંજરું બનાવ્યું છે. એ પીંજરામાં પૂરાવું જીવને કેમ ગમતું હશે? જીવ પોતાને ભૂલીને આ પીંજરાને જ પોતાનું સ્વરૂપ માની બેઠો. તેથી પીંજરાથી જીવ છૂટો પડતાં ખોટી રીતે દુઃખી થાય છે.

* રે જીવ! તું વિચાર તો કર, કે દેહનું પીજરું છૂટતાં તારા આત્માનું શું કાંઈ ઓછું થઈ ગયું? અહીં કે બીજે ગમે ત્યાં આત્મા પોતાના જ્ઞાન–આનંદાદિ અનંત ગુણોસહિત જ સદાય બિરાજી રહ્યો છે, તેનું અસ્તિત્વ કદી મટી જતું નથી, કે તેનો કોઈ જ ગુણ ઓછો થતો નથી. પછી ખેદ શેનો? માત્ર મોહનો. મોહનું દુઃખ મરણ કરતાંય વધારે છે, માટે મોહ છોડ.

## ચૈતન્યસ્વભાવરૂપ જીવ રાગાદિથી અત્યંત જુદો છે. ભેદજ્ઞાનવડે અમે તેને સાક્ષાત્ અનુભવીએ છીએ.

**જ્ઞાનીને સ્વસંવેદનના બળે ચૈતન્યસ્વભાવ બધાથી અત્યંત જુદો ને જુદો દેખાય છે. અજ્ઞાનીને પોતાનો ચૈતન્ય સ્વભાવ ક્યાંય દેખાતો નથી, એને તો સંયોગો અને પરભાવો જ દેખાય છે તેથી તે તો તેને જ આત્મા માને છે; પણ તે ખરેખર આત્મા નથી, આત્મા તો તે બધાથી જુદો ચૈતન્યસ્વભાવ છે-એ વાત અહીં સમજાવે છે; અને તેનો અનુભવ કરવાનું કહે છે.**

ધર્માત્માએ, શ્રીગુરુનો ઉપદેશ પામીને, પોતાના આત્માને સ્વસં–વેદનપ્રત્યક્ષરૂપ, શુદ્ધ, એક, જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ, અને અન્ય સમસ્ત ભાવોથી જુદો અનુભવ્યો, તેનું અદ્ભૂત શાંતરસમય વર્ણન ગાથા ૩૮ માં કર્યું; અને બીજા જીવોને આવા શાંતરસમય આત્માનો અનુભવ કરવાની પ્રેરણા કરી.

હવે આવા આત્માનો જેને અનુભવ નથી, જડ–ચેતનની ભિન્નતાની જેને ખબર નથી, ને શરીર–કર્મ–રાગ–પુણ્ય–પાપ વગેરે પરને જ આત્મા માને છે, એવો મુઢ, અનાત્મવાદી અજ્ઞાની જીવ આઠ બોલ દ્વારા દલીલ કરીને કહે છે કે–તે કર્મ વગેરે જ અમને તો દેખાય છે, તે કર્મ વગેરેથી જુદો બીજો તો કોઈ જીવ અમારા જોવામાં આવતો નથી !

એવા અજ્ઞાનીને અહીં આચાર્યભગવાન સમજાવે છે કે હે ભાઈ ! તારી વાત સાચી નથી, તું સત્યાર્થવાદી નથી; ભગવાનના આગમથી, યુક્તિથી ને જ્ઞાનીઓના સ્વાનુભવથી–એ ત્રણેથી તારી વાત ખોટી ઠરે છે. આગમ–યુક્તિ અને સ્વાનુભવદ્વારા આચાર્યદેવ અજ્ઞાનીના આઠે બોલનું ખંડન કરીને એ અપૂર્વ ન્યાય સિદ્ધ કરે છે કે–

પરમાર્થ રૂપ જીવ રાગથી કર્મથી ને શરીરથી જુદો, ચૈતન્યસ્વભાવરૂપ છે; આવા જીવને–ભેદજ્ઞાનીઓ પોતાના અંતરમાં સ્વસંવેદનવડે પ્રત્યક્ષ અનુભવે છે; ભગવાનના આગમમાં પણ જીવને ચૈતન્યસ્વભાવરૂપ જ કહ્યો છે, રાગાદિને જીવ નથી કહ્યો; અને યુક્તિઓ વડે પણ જીવ રાગાદિથી જુદો ચૈતન્યસ્વભાવરૂપ જ સાબિત થાય છે–માટે હે જીવ! તું બીજો નકામો કોલાહલ છોડીને, આવા જીવને તારા અંતરમાં અનુભવવાનો ઉદ્યમ કર. એકલક્ષે એવો ઉદ્યમ કરતાં છમહિનામાં તો તને પુદ્ગલથી ભિન્ન ચૈતન્યપ્રકાશથી ઝળહળતો તારો આત્મા તારા અંતરમાં જ દેખાશે.

અજ્ઞાનીની ૮ પ્રકારની મિથ્યામાન્યતાની સામે, ભેદજ્ઞાનીના સ્વાનુભવને મૂકીને આચાર્યદેવ તે મિથ્યામાન્યતાઓનું ખંડન કરે છે, અને સત્ય આત્મા ચૈતન્યસ્વભાવરૂપ છે–તે સ્વાનુભવગમ્ય થઈ શકે છે એમ બતાવે છેઃ–

**૧. કોલસો કાળાશથી જુદો નથી પણ સોનું તો કાળશથી જુદું જ છે. તેમ રાગદ્વેષથી જુદું અધ્યાવસાન નથી પણ રાગદ્વેષથી જુદો જીવ તો છે.**

અજ્ઞાની કહેતો હતો કે– જેમ કાળાશથી જુદો કોઈ કોલસો દેખાતો નથી, તેમ રાગ–દ્વેષાદિ મલિન અધ્યાવસાનો તેનાથી જુદો કોઈ જીવ અમને દેખાતો નથી, માટે તે રાગ–દ્વેષાદિ જ જીવ છે!

ત્યારે સ્વાનુભવની યુક્તિથી આચાર્યદેવ કહે છે કે હે ભાઈ! ભેદજ્ઞાનવડે જ્ઞાનીઓ રાગ–દ્વેષથી ભિન્ન એવા ચૈતન્યસ્વભાવરૂપે સ્વયં પોતાને અનુભવે છે, માટે રાગ–દ્વેષ વગરનો ચૈતન્યસ્વભાવરૂપ જીવ છે.

કાળાશથી જુદો કોલસો ભલે ન હોય, પણ કાળાશથી જુદું સોનું તો દેખાય છેને! તેમ રાગાદિ મલિન અધ્યાવસાનોથી જુદો સોના જેવો શુદ્ધજીવ જ્ઞાનીઓને ભેદજ્ઞાનવડે સાક્ષાત્ અનુભવમાં આવે છે. અરે, જ્ઞાન તે કાંઈ રાગ–દ્વેષવાળું કાળું હોય? સમ્યક્મતિશ્રુતજ્ઞાનમાં જીવ રાગથી જુદો ચૈતન્યસ્વભાવરૂપે અનુભવાય છે.

રાગાદિભાવોમાં કાંઈ ચૈતન્યસ્વભાવપણું નથી, જીવ જ ચૈતન્યસ્વભાવપણે પ્રકાશમાન છે. ભગવાન સર્વજ્ઞદેવે તો ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય કહ્યું છે. રાગાદિમાં કાંઈ ચૈતન્યપણું નથી. એ તો ચૈતન્યથી ખીલે છે–ચૈતન્ય વગર છે–ચૈતન્યથી જુદી જાતના છે, માટે તે રાગાદિકભાવો ખરખેર જીવ નથી. જેનામાં ચેતનપણું ન હોય તેને

જીવ કેમ કહેવાય? માટે સર્વજ્ઞના આગમમાં એમ કહ્યું છે કે તે રાગાદિભાવોરૂપ જીવ નથી, ચૈતન્યસ્વભાવરૂપ જીવ રાગાદિથી જુદો છે. ને ભેદજ્ઞાનીઓ જ્ઞાન અને રાગની ભિન્નતાને ઓળખીને, રાગથી જુદા ચૈતન્યસ્વભાવને સાક્ષાત અનુભવે છે. અહા! અમને તો આવો જુદો ચિદાનંદ જીવ સાક્ષાત્ દેખાય છે. હે ભાઈ! તું અંતરમાં ચૈતન્યભાવનો અભ્યાસ કર તો તને પણ તારા અંતરમાં રાગના વિલાસથી જુદો, ચૈતન્યસ્વભાવથી વિલસતો તારો આત્મા સાક્ષાત્ અનુભવમાં આવશે, જેના અનુભવથી તને મહાન આનંદ થશે.

રાગ–દ્વેષાદિ ભાવો ન હોય તો જીવ કાંઈ મરી જતો નથી, રાગ–દ્વેષ વગર પણ ચૈતન્યસ્વભાવપણે જીવ સદાય જીવંત છે. રાગથી જુદો પડીને જ્ઞાનવડે અંતરમાં જોતાં આવો જીવ સાક્ષાત્ અનુભવમાં આવે છે. અરે, એકવાર આવા આત્માને તું અંદર ઊતરીને જો તો ખરો.... એની સન્મુખ થતાં જ તને ભવના અંતના ભણકાર આવી જશે ને આનંદમય નિર્વાણપુરીનાં દરવાજા ખુલી જશે.

આ રીતે અજ્ઞાનીના કુતર્ક સામે, ભેદજ્ઞાનીના સ્વાનુભવને મુકીને યુક્તિથી આચાર્યદેવે રાગાદિથી અત્યંત જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ સિદ્ધ કર્યો, અને સર્વજ્ઞના આગમની પણ સાક્ષી આપી.

અધ્યાત્મરસની અમીવર્ષા કરતાં ગુરુદેવ કહે છે કે જુઓ, આજે શ્રાવણ સુદ એકમ છે....આ શ્રાવણની અમૃતવર્ષા થાય છે....જ્ઞાનીના અંતરમાં સમ્યક્ત્વરૂપી શ્રાવણ આવ્યો છે....તેનું સરસ વર્ણન 'આજ મેરે સમકિત–સાવન આયો' એ ભજનમાં કર્યું છે. (આ જ અંકમાં તે ભજન અર્થસહિત આપ્યું છે.)

જેમ રાગ–દ્વેષાદિથી જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ આચાર્યદેવે આગમથી યુક્તિથી ને સ્વાનુભવથી સિદ્ધ કર્યો; તેમ બીજા સમસ્ત પરભાવોથી તેમજ કર્મથી ને શરીરાદિથી પણ અત્યંત જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ છે–એમ આચાર્યદેવ બહુ સરસ રીતે સમજાવશે, ને પછી એવા આત્માના અનુભવ માટે મીઠાશથી પ્રેરણા આપશે કે હે ભાઈ! જો તું બીજો કોલાહલ છોડીને, અમે કહીએ છીએ તેવા જીવને તારા અંતરમાં દેખવાનો એકાગ્રચિત્તથી છમહિના અભ્યાસ કરીશ તો તને પણ જરૂર અમારી જેમ રાગાદિથી ભિન્ન ચૈતન્યસ્વભાવનો અનુભવ થશે.

## ૨. કર્મથી જુદા ચૈતન્યસ્વભાવરૂપ જીવને જ્ઞાની અનુભવે છે.

બીજા બોલમાં અજ્ઞાનીએ એમ કહ્યું હતું કે–અનાદિ પરંપરાથી જે સંસાર–ભ્રમણરૂપ ક્રિયાઓ થઈ રહી છે તે કર્મની ક્રીડા છે, તે કર્મ વગરનો જીવ અમને તો દેખાતો નથી, માટે કર્મ તે જ જીવ છે!

તેના ઉત્તરમાં આચાર્યદેવ કહે છે કે હે ભાઈ, કર્મની આખી પરંપરાથી જુદો, રાગ અને ગતિ વગરનો, ચૈતન્યસ્વભાવરૂપ જીવ છે–તે ભેદજ્ઞાનીઓને સ્વયં અનુભવમાં આવે છે;–રાગ વગર, ઈન્દ્રિયની અપેક્ષા વગર જ્ઞાની અંતરમાં પોતાના આત્માને એક જ્ઞાયકસ્વભાવપણે સાક્ષાત્ અનુભવે છે.–આવો અનુભવ કરે ત્યારે આત્માને ખરેખર માન્યો કહેવાય. અજ્ઞાનીને કર્મ જ દેખાય છે, કર્મથી જુદો જીવ દેખાતો નથી; જ્ઞાનીને જ્ઞાનસ્વભાવમાં કર્મ દેખાતું નથી. જ્ઞાનસ્વભાવની સન્મુખ થતાં આત્મામાં કર્મનો સંબંધ જ ક્યાં છે? કર્મના સંબંધ વગરનો આત્મા જ્ઞાનસ્વભાવપણે ધર્મીને અનુભવાય છે. કર્મની ક્રીડાથી અત્યંત જુદી મારી ચેતનાની ક્રીડા છે.–આવો અનુભવ કરે તેઓ જ સત્યાર્થવાદી છે, તેઓ જ સત્ય આત્માને જાણનાર છે; પણ બીજા કે જેઓ આત્માને કર્મવાળો જ દેખે છે–તેઓ પરમાર્થવાદી નથી, આત્માને તેઓ જાણનારા નથી. અરે, કર્મ તો જડ પુદ્ગલની રચના છે–એને જીવ કોણ કહે! સર્વજ્ઞ ભગવાને તો એને અજીવ કહ્યું છે, તે ચેતના વગરનું છે; ને જીવને તો ચૈતન્ય–સ્વભાવરૂપ કહ્યો છે. આવા આત્માને હે જીવ! તું જાણ.

## ૩. રાગરસ વગરનો ચૈતન્યરસથી ભરેલો જીવ અમને અનુભવાય છે.

એકલા રાગરસને જ અનુભવનાર અજ્ઞાની કહેતો હતો કે તીવ્રરાગ ને મંદરાગ એવા રાગરૂપ અધ્યાવસાનોની જે પરંપરા તે જ જીવ છે, કેમકે તેનાથી જુદો રાગવગરનો જીવ અમને દેખતો નથી!

આચાર્યદેવ તેનો ખુલાસો કરતાં કહે છે કે અરે મૂઢ! રાગમાં ચેતનપણું ક્યાં છે? તીવ્ર ને મંદ એવા અધ્યાવસાનોની જે સંતતિ છે તે તો રાગરસથી ભરેલી છે, તેમાં કાંઈ ચેતનરસ નથી. આત્મા તો ચેતનરસથી ભરેલો છે, તે ચેતનરસથી ભરેલો આત્મા રાગાદિ અધ્યાવસાનોથી તદ્દન જુદો ભેદજ્ઞાની સાક્ષાત્ અનુભવે છે, માટે

આત્મા તે તીવ્ર–મંદ અધ્યાવસાનોની હારમાળાથી જુદો જ છે. ચૈતન્યની સંતતિમાં વચ્ચે રાગાદિ અધ્યાવસાન નથી.

સર્વજ્ઞ ભગવાને આગમમાં એમ કહ્યું છે કે રાગાદિ અચેતનભાવોથી જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ છે.

સ્વાનુભવસહિતની યુક્તિથી પણ એમ જ સિદ્ધ થાય છે કેમકે રાગાદિના અનુભવમાં ચૈતન્યનો સ્વાદ નથી, ને ચૈતન્યના સ્વાદમાં રાગાદિ નથી; માટે રાગથી જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ છે.

ધર્માત્મા–ભેદજ્ઞાની જીવો અંતર્દ્રષ્ટિથી પોતાના આત્માને રાગાદિ સમસ્ત અન્ય ભાવોથી જુદો, જ્ઞાનસ્વભાવરૂપ સ્પષ્ટ અનુભવે છે; તે અનુભૂતિમાં રાગાદિનો અભાવ છે.

–આમ આગમથી, યુક્તિથી, સ્વાનુભવથી સર્વ પ્રકારે રાગ અને જ્ઞાનની ભિન્નતા છે, અને એવી ભિન્નતાના અભ્યાસ વડે હે જીવ! તને પણ તારો આત્મા રાગાદિ વગરનો, જ્ઞાનસ્વભાવરૂપ દેખાશે.

## ૪. શરીરથી જીવ જુદો છે; ચૈતન્યસ્વરૂપ આત્માની અનુભૂતિમાં શરીર નથી.

નોકર્મરૂપ આ શરીર નવું–પુરાણું થયા કરે છે, એક શરીર છૂટે છે ને બીજું આવે છે, –શરીર વગરનો તો જીવ ક્યારેય દેખાતો નથી, માટે આ શરીર છે તે જ જીવ છે, એનાથી જુદો કોઈ જીવ નથી–એમ અજ્ઞાનીએ ચોથા બોલમાં કહ્યું હતું.

અહીં તેનું ખંડન કરતાં શ્રી આચાર્યદેવ કહે છે કે અરે ભાઈ! શરીર તો પુદ્ગલમય છે, અચેતન છે, તેનામાં ચેતનપણું નથી, તો તે જીવ ક્યાંથી થઈ ગયું? જીવ તો ચેતનરૂપ હોય. શરીર તો ચેતના વગરનું અજીવ છે. જ્ઞાની તો પોતાના આત્માને જડ શરીરથી અત્યંત જુદો, ચૈતન્યસ્વભાવરૂપે સ્પષ્ટ અનુભવે છે.

શરીરની કોઈ પણ ચેષ્ટા તે જીવની ક્રિયા નથી. તે ક્રિયાને જે જીવની માને છે તેઓ શરીરાદિ અજીવને જ જીવ માનનારા છે, એવા જીવો જડ–ચેતનના વિવેક વગરના છે; તેઓ મૃતકકલેવર એવા શરીરમાં મોહી રહ્યા છે, ને ચૈતન્યઅમૃતસ્વરૂપ

એવા પોતાના આત્માને ભૂલી રહ્યા છે. શરીર વગરનું પોતાનું કાંઈ અસ્તિત્વ જ એને ભાસતું નથી. જ્ઞાનીને તો સ્પષ્ટ ભેદજ્ઞાન છે કે જડ શરીરના અસ્તિત્વમાં હું નથી, હું તો મારા ચૈતન્યઅસ્તિત્વમાં છું. મારી ચૈતન્યસત્તામાં જડ સત્તા નથી, જડ સત્તામાં હું નથી, આત્માનો કોઈ પણ ગુણ કે પર્યાય અચેતન શરીરમાં નથી. આમ જડ–ચેતન બંનેનું અસ્તિત્વ સર્વથા જુદું છે. તેનું ભેદજ્ઞાન કરીને ધર્મીજીવ પોતાને શરીરાદિ સમસ્ત અચેતનથી અત્યંત જુદો, પરમ ચૈતન્યસ્વરૂપે અનુભવે છે. અતીન્દ્રિયજ્ઞાનમાં સ્વસંવેદન વડે આવા આત્માનો અનુભવ થાય છે. શરીરનો સંયોગ છતાં શરીરથી ભિન્ન આત્મા અનુભવમાં આવી શકે છે. ચૈતન્યના અનુભવમાં શરીર કાંઈ ભેગું નથી આવતું, અનુભવથી તે જુદું જ રહે છે. આ રીતે ચૈતન્યસ્વરૂપ આત્મા શરીરથી તદ્દન જુદો છે.

**૫. પુણ્ય-પાપનો વિપાક કે શુભાશુભભાવો તે જીવ નથી; ચેતનસ્વભાવીજીવ પુણ્યપાપ વગરનો, શુભાશુભ વગરનો અનુભવાય છે.**

અજ્ઞાની કહેતો હતો કે કર્મના વિપાકરૂપ પુણ્ય–પાપ તે જ જીવ છે; આખું જગત પુણ્ય–પાપથી જ વ્યાપેલું દેખાય છે, પુણ્ય–પાપ સિવાયનો તો જીવ અમને ક્યાંય દેખાતો નથી; માટે તે પુણ્ય–પાપના કારણરૂપ શુભાશુભભાવ તે જ જીવ છે!

આચાર્યદેવ સમજાવે છે કે હે ભાઈ! પુણ્ય–પાપરૂપ કર્મનો વિપાક તે જીવ નથી; શુભાશુભથી જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ છે, તેને ભેદજ્ઞાની જીવો અનુભવે છે. તું શુભાશુભરાગને બાદ કરીને જો તો તને પણ તારો આત્મા ચૈતન્યસ્વરૂપ દેખાશે. આત્માનો સ્વભાવ તો સુખ છે, ને પુણ્ય–પાપનું ફળ દુઃખ છે, તેને આત્મા કેમ કહેવાય? શુભાશુભકર્મ તરફ ઢળતો ભાવ દુઃખરૂપ છે, ચેતનસ્વભાવ તરફ ઢળતો ભાવ સુખરૂપ છે–આ રીતે તે શુભાશુભનો સમાવેશ આત્માના સ્વભાવમાં થતો નથી; તેઓ આત્માના સ્વભાવ સાથે સંબંધવાળા નથી પણ જડ કર્મ સાથે સંબંધવાળા છે. આ રીતે તારો જ્ઞાનસ્વભાવ શુભાશુભકર્મોથી અત્યંત જુદો છે. આવા ભિન્ન સ્વરૂપને ઓળખીને ભેદજ્ઞાન કરતાં તને પણ શુભાશુભ સમસ્ત કર્મોથી જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ સાક્ષાત્ અનુભવમાં આવશે. પુણ્ય–પાપકર્મ અને શુભાશુભભાવ આત્મા છે એવો તારો ભ્રમ ભેદજ્ઞાન વડે મટી જશે. એક તરફ આત્માનો ચેતનસ્વભાવ, તેમાં જેટલું સમાય તેટલો તું; અને બીજી તરફ ચેતનસ્વભાવથી જુદા જે કોઈ ભાવો હોય તે જીવ નહિ, તે જીવનો સ્વભાવ નહિ એટલે કે પુદ્ગલનો સ્વભાવ છે, અજીવ છે.–આવા

ભેદજ્ઞાનનો અંદરમાં સાચી લગનીથી વધુમાં વધુ છ મહિના એકધારો અભ્યાસ કરતાં તને જરૂર પુદ્ગલથી ભિન્ન તારા ચૈતન્યનો અપૂર્વ વિલાસ અનુભવમાં આવશે.

## ૬. સાતા-અસાતાથી પાર અતીન્દ્રિય સુખસ્વરૂપ આત્માને જ્ઞાની પોતામાં અનુભવે છે.

અજ્ઞાની કહે છે કે સાતા–અસાતારૂપ જે કર્મફળ તે જ જીવ છે, કારણ કે સાતા–અસાતાજનિત સુખ–દુઃખ જ અમને અનુભવાય છે, તે સુખ–દુઃખ વગરનો જીવ અમને કદી દેખાતો નથી.

ત્યારે આચાર્યદેવ કહે છે કે ભાઈ, તારી વાત ખોટી છે; સાતા–અસાતામાં આત્મા હોવાનો તને ભ્રમ થઈ ગયો છે, પણ તે ખરેખર જીવ નથી. સાતા–અસાતા તો કર્મ તરફનો ભાવ છે, તેનાથી જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ છે, તે ભેદજ્ઞાનવડે અનુભવમાં આવે એવો છે.

અહા, ચૈતન્યતત્ત્વ! તે સાતાના વેદનથી પાર છે. અજ્ઞાની પુણ્યજનિત સાતાને સુખ માની લ્યે છે એટલે તે તેને જ જીવ માને છે; પણ બાપુ! એ તો પુદ્ગલ તરફનો ભાવ છે. ચૈતન્યનું સુખ તો તદ્દન અનાકુળ પરમ શાંત છે, તેમાં સાતાની પણ અપેક્ષા નથી. આવું સુખ જેની સન્મુખતાથી પ્રગટે તેને ખરેખર જીવ કહીએ છીએ. ધર્મીજીવ આત્માની સન્મુખ થઈને આવા આત્માને સાક્ષાત્ અનુભવે છે. માટે હે ભાઈ! તું પણ 'સાતા–અસાતાથી જુદો જીવ નથી' –એવી તારી મિથ્યા હઠને છોડ, ને અમે કહીએ છીએ તે રીતે જ્ઞાનસ્વભાવી આત્માને દેખવાનો તારા અંતરમાં અભ્યાસ કર. છમાસના અભ્યાસમાં તો તારા હૃદયમાં સ્વાનુભૂતિથી આત્મા શોભી ઊઠશે.

અસાતાના દુઃખથી છૂટીને કાંઈક સાતા થાય ત્યાં તો જાણે હું સુખી થઈ ગયો, –પણ બાપુ! એ સુખ સાચું નથી, એ સાતાના સુખમાં તું નથી. સાતા–અસાતાથી પાર, જ્ઞાનસ્વભાવનું જે અતીન્દ્રિયસુખ,–તેમાં તું છો; તે સાચું જીવનું સ્વરૂપ છે. આવા સ્વરૂપે આત્માને અનુભવમાં લે.

## ૭. રાગનો સ્વાદ ને જ્ઞાનનો સ્વાદ એક નથી પણ જુદા છે.

અજ્ઞાની કહેતો હતો કે કર્મનો સ્વાદ ને ચેતનનો સ્વાદ–બંને ભેગા સ્વાદમાં આવે છે તે જ અમને તો જીવ લાગે છે. જેમ શિખંડમાં દહીં અને ખાંડનો સ્વાદ

એકમેક અનુભવાય છે તેમ અમને તો જ્ઞાન જ રાગાદિ સ્વાદવાળું અનુભવાય છે; રાગથી જુદો તો જ્ઞાનનો કોઈ સ્વાદ અમને દેખાતો નથી, તદ્દન કર્મ વગરનો તો કોઈ જીવ દેખાતો નથી, માટે આત્મા અને કર્મનો સંયોગ તે જીવ છે!

તેને આચાર્યદેવ સમજાવે છે કે અરે ભાઈ! ચૈતન્યસ્વાદવાળો જીવ કર્મથી તદ્દન જુદો જ છે; અજ્ઞાનીઓ તેને ન દેખે તેથી શું? ભેદજ્ઞાનીઓ તો આવા જીવને પ્રત્યક્ષ અનુભવે છે. શીખંડમાં પણ ખરેખર દહીં અને ખાંડનો સ્વાદ જુદો જ છે, મીઠાશ અને ખટાશ તે કાંઈ એક નથી; તેમ આત્મામાં શાંતઅનાકૂળ મીઠોરસ તે તો ચૈતન્યનો સ્વાદ છે, ને આકુળતા–રાગાદિ તે કર્મ તરફનો ખાટો સ્વાદ છે, તે બંનેને એકતા નથી પણ તદ્દન ભિન્નતા છે. જ્ઞાની સ્વાનુભવમાં પોતાના આત્માને ચૈતન્યસ્વાદપણે, કર્મથી સર્વથા જુદો જ અનુભવે છે.

ભાઈ, આવો આત્મા અંદરમાં અનુભવી શકાય તેવો છે. પણ જો તું હઠ કરીને 'આત્મા જુદો નથી.....જુદો નથી....' એમ નિષેધ જ કર્યાં કરીશ તો તને જુદા આત્માનો અનુભવ ક્યાંથી થશે? માટે તારી તે હઠ છોડ અને નકામો કોલાહલ છોડીને, અમે જે રીતે કહીએ છીએ તે રીતે આત્માને લક્ષમાં લઈને તેના અનુભવનો ઉદ્યમ કર, તો છમાસમાં તને પણ જરૂર તારા આત્માનો અનુભવ થશે, ને પુદ્‌ગલકર્મોથી ભિન્ન ચેતનાવડે તારો આત્મા શોભી ઊઠશે.

**૮. આઠ લાકડાથી જુદો ખાટલો નથી, પણ તેમાં સૂનારો તો જુદો છે ને! તેમ કર્મસંયોગને જાણનારો જીવ તે કર્મોથી તદ્દન જુદો છે.**

અજ્ઞાનીની દલીલ હતી કે, જેમ ચારપાયા તથા ઈંસ વગેરે આઠ લાકડા મળીને ખાટલો થયો છે. આઠ લાકડાથી જુદો કોઈ ખાટલો નથી, તેમ આઠકર્મનો સંયોગ તે જ જીવ છે, કર્મથી જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી!

તેને આચાર્યદેવ સમજાવે છે કે હે ભાઈ! કર્મોનો સંયોગ તે જીવ નથી. કર્મ જડ છે, તે કર્મો ભેગાં મળીને પણ જડ થાય, તેમાંથી ચેતનવસ્તુ થાય નહિ, ચેતનવસ્તુ તો તેનાથી જુદી જ છે. આઠ લાકડા ભેગા થઈને તેમાંથી લાકડાનો ખાટલો થાય, પણ કાંઈ આઠ લાકડામાંથી માણસ ન થાય, માણસ તો જુદો જ છે. આઠ લાકડાથી ખાટલો જુદો નથી પણ ખાટલામાં સૂનારો માણસ તો તેનાથી જુદો જ છે.

ખાટલો બળી જાય કે તૂટી જાય તોપણ માણસ તો જીવતો રહે છે. તેમ લાકડા જેવાં જે આઠ કર્મો છે તે અચેતન છે, તેનાં વડે શરીરાદિની રચના થાય છે તે પણ અચેતન છે; તે અચેતનનો સંયોગ થઈને અચેતનની રચના થાય, પણ અચેતનમાંથી કાંઈ જીવની રચના ન થાય. જીવ તો ચેતનમય છે, તે અચેતન કર્મોથી જુદો જ છે. આ કર્મ છે–એમ જાણનારો તો કર્મથી જુદો જ છે, કર્મને જાણનારો પોતે કાંઈ કર્મરૂપ નથી. આમ સ્વભાવભેદથી જોતાં કર્મથી અત્યંત જુદો, ચૈતન્યસ્વભાવરૂપ જીવ અનુભવમાં આવે છે. ચૈતન્યસ્વભાવપણે જોતાં તો જીવ સદાય કર્મથી જુદો જ અનુભવાય છે. ભગવાન સર્વજ્ઞદેવે ‘जीवो उवओगलक्खणो’ એમ કહ્યું છે, જીવ સદા ઉપયોગલક્ષણરૂપ છે; ઉપયોગશૂન્ય બીજા કોઈ ભાવો જીવ નથી. પર્યાયદ્રષ્ટિથી જોતાં રાગાદિભાવો જીવ સાથે સંબંધવાળાં દેખાય છે, પણ ચેતનસ્વભાવથી જોતાં તે કોઈ ભાવો જીવના સ્વભાવપણે અનુભવાતા નથી, એક ચેતનસ્વભાવપણે જ જીવ અનુભવાય છે. ચેતનભાવથી જુદા એવા રાગાદિ કોઈપણ ભાવને જીવ કહેવો તે માત્ર વ્યવહાર છે. પરમાર્થરૂપ શુદ્ધ જીવની અનુભૂતિમાં તે કોઈ ભાવનો પ્રવેશ નથી એટલે કે જ્ઞાનીની અનુભૂતિથી તે ભિન્ન છે. –આ રીતે શુદ્ધ ચૈતન્યસ્વભાવની અનુભૂતિવડે, તેમજ સર્વજ્ઞના આગમ વડે અને સમ્યક્‌યુક્તિ વડે સમસ્ત અન્ય ભાવોથી જીવનું ભેદજ્ઞાન કરવું.

અહા, જુઓ તો ખરા! આચાર્યદેવે કેવું સરસ ભેદજ્ઞાન કરાવ્યું છે! એકલા ચૈતન્યસ્વભાવની અનુભૂતિ ખડી કરી દીધી છે. અનુભૂતિમાં પરભાવનો કોઈ અંશ નથી; ગુણસ્થાન–માર્ગણાસ્થાન વગેરે કોઈ ભેદો પણ અનુભૂતિમાં દેખાતા નથી. અનુભૂતિમાં અનંતગુણના રસથી ભરેલું એકાકાર ચૈતન્ય પરમતત્ત્વ જ અનુભવાય છે; તેમાં નિર્વિકલ્પતા છે, તેમાં અતીન્દ્રિય મહા આનંદ છે.

આ રીતે રાગાદિથી અત્યંત જુદો આત્મા બતાવીને આચાર્યદેવ કહે છે કે હે ભાઈ! તું આવા આત્માનો અનુભવ તારા અંતરમાં કર....આવો નિર્વિકલ્પ અનુભવ કરવો તે જ કરવા જેવું કાર્ય છે. આ કાર્યને છોડીને બીજા નકામા કાર્યમાં તું ક્યાં રોકાણો? ચૈતન્યના કામને ભૂલીને તું રાગની હઠમાં ક્યાં રોકાણો! તને સંતો પ્રેમથી સમજાવે છે કે તારો આત્મા તને અંતરમાં રાગથી જુદા ચૈતન્યભાવપણે અનુભવમાં આવશે....તે માટે તું બહારના બધા નિષ્ફળ વિકલ્પોથી વિરક્ત થા, ને અંદર ચૈતન્યરસપણે આત્માને શોધ! એકવાર અંદર શોધ તો ખરો, તને જરૂર તારો આત્મા પ્રાપ્ત થશે. ઘણા જીવોએ ભેદજ્ઞાનવડે આવો આત્મા અનુભવ્યો છે, ને તને પણ તેવો અનુભવ જરૂર થશે.

## * શ્રાવણ સુદ પૂર્ણિમા : વાત્સલ્યનું મંગલ પર્વ *

અહા, રત્નત્રયસાધક જીવોને બીજા રત્નત્રયસાધક જીવો પ્રત્યે કેવું વાત્સલ્ય હોય છે! તેનો સંદેશ આ વાત્સલ્ય–પૂર્ણિમા હજારો–લાખો વર્ષોથી આપણને આપી રહી છે. ધન્ય એ અકંપન વગેરે ૭૦૦ મુનિવરોનું ધૈર્ય! ધન્ય એ વિષ્ણુ મુનિરાજનું પરમ વાત્સલ્ય! ધન્ય એ હસ્તિનાપુરના શ્રાવકોની ભક્તિ! અને છેલ્લે ધન્ય એ બલિરાજા–કે જેણે ભયંકર દુઃખદાયી વિરાધના છોડીને ચૈતન્યની આરાધના આજે જાગૃત કરી. ભૂલ તો અનાદિથી હતી જ, તે ભૂલ તોડીને જે આરાધક થયો ને મોક્ષના પંથે ચડયો તેની બલીહારી છે.




卐 વઢવાણના ભાઈશ્રી જગજીવનદાસ લક્ષ્મીચંદ (ઉ. વ. ૮૬) તા. ૯–૮–૭૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે; વઢવાણ મુમુક્ષુમંડળમાં તેઓ એક વડીલ હતા, તત્ત્વના જિજ્ઞાસુ હતા, ને વઢવાણમાં નવા જિનમંદિર માટે તેમને ઘણો ઉત્સાહ હતો.

卐 વઢવાણના ભાઈશ્રી રસિકલાલ અમૃતલાલની સુપુત્રી નીતાબેન શ્રાવણ સુદ એકમના રોજ માત્ર ૧૨ વર્ષની બાલવયમાં સ્વર્ગવાસ પામેલ છે. તે હંમેશાં પાઠશાળાએ જતી હતી. આત્મધર્મ–બાલવિભાગની સભ્ય (No. ૨૬૭૪) હતી. જીવનની અંતિમ ક્ષણોમાં પણ લગભગ એક કલાક સુધી તેની બહેન તેને ઉત્સાહપ્રેરક ધર્મચર્ચા સંભળાવતી હતી કે બહેન! તું તો જ્ઞાન છો.....દેહનું દરદ તને નથી, તેને તું જાણનાર છો.....મરણ ટાણે બારવર્ષની બાલિકા પણ જે શાંતિથી ભેદજ્ઞાનની આવી વાત સાંભળતી તે દેખીને મોટાને પણ આશ્ચર્ય થાય તેવું હતું. ખરેખર, બાળકોને બાળપણથી જ ધર્મના સંસ્કાર આપવા કેટલા જરૂરી છે તે આ પ્રસંગે દેખાતું હતું. (બાલવિભાગના સભ્યના સ્ર્વગવાસના આ સમાચાર આપ જ્યારે વાંચો ત્યારે પાંચ નમસ્કારમંત્ર મનમાં ગણજો.)

卐 દાહોદના ભાઈશ્રી મણીભાઈ ભૂતા અષાઢ વદ ૧૪ના રોજ ૭૮ વર્ષની વયે સ્વર્ગવાસ પામ્યા છે. તેમને તત્ત્વપ્રેમ હતો ને દાહોદમાં તેઓ શાસ્ત્રપ્રવચન પણ કરતા હતા.

卐 જામનગરના ભાઈશ્રી જયંતિલાલ હીરાચંદ ભણશાળી (ઉ. વર્ષ ૬૬) તા. ૧૭–૮–૭૨ ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ શાસ્ત્રના અભ્યાસી હતા, અને અવારનવાર સોનગઢ રહીને લાભ લેતા હતા; અગાઉ જામનગરમાં તેઓ શાસ્ત્રવાંચન કરતા હતા.

–સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગી દેવ–ગુરુ–ધર્મની આરાધનાવડે આત્મહિત પામો.

# શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મહામંડળ

## સોનગઢ ( સૌરાષ્ટ્ર )

તા. ૧૮-૮-૭૨

**શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ/સંઘ/સમાજ મુઃ**

**શ્રી સદ્‌ગુરુવંદન સાથ જણાવવાનું કે આ વર્ષે શ્રી જૈન અતિથિ સેવા સમિતિ તથા આપણા મહામંડળની શ્રી કાર્યવાહક કમિટિની મીટિંગ તથા શ્રી સામાન્ય સભા અત્રે સોનગઢ મુકામે નીચે મુજબ રાખવામાં આવી છે, તો આપના ગામના પ્રતિનિધીઓને હાજર રહેવા સૂચના આપશોજી.**

## એજન્ડા

( ૧ ) સને ૧૯૭૧–૭૨ વર્ષના વાર્ષિક હિસાબી સરવૈયા, કમિટિઓના હિસાબો અને અહેવાલો મંજૂર કરવા.
( ૨ ) સને ૧૯૭૨–૭૩ ના વર્ષ માટેના નવા બજેટો મંજૂર કરવા.
( ૩ ) માનનીય પ્રમુખ સાહેબની મંજૂરીથી જે કાંઈ રજૂ થાય તે અંગે.

| | તારીખ | વાર | સમય |
|---|---|---|---|
| શ્રી જૈન અતિથિ સેવા સમિતિ | ૯–૯–૭૨ | શનિવાર | સવારે ૯–૧૫ થી ૯–૪૫ |
| શ્રી કાર્યવાહક કમિટિની મીટિંગ | ૯–૯–૭૨ | શનિવાર | સવારે ૯–૪૫ થી |
| શ્રી સામાન્ય સભા | ૧૦–૯–૭૨ | રવિવાર | સવારે ૯–૧૫ |
| શ્રી ટ્રસ્ટીઓની મીટિંગ | ૧૦–૯–૭૨ | રવિવાર | બપોરે ૪–૧૫ |

આ ઉપરાંત શ્રી જૈન વિધાર્થી ગૃહ, સોનગઢની વાર્ષિક મીટિંગો નીચે મુજબ રાખવામાં આવી છે. તો તે પ્રમાણે હાજર રહેવા સૂચના છે.

( ૧ ) ભાદરવા સુદ ૨, શનિવાર, તા. ૯–૯–૭૨, સાંજે ૪–૧૫ વાગે ટ્રસ્ટીઓની તથા વ્યવસ્થાપક કમિટિની મીટિંગ.
( ૨ ) ભાદરવા સુદ ૩, રવિ, તા. ૧૦–૯–૭૨, સવારે ૯–૪૫, શ્રી સામાન્ય સભા.

નોંધ–બધી મીટીંગોનું સ્થળઃ– પ્રવચન મંડપ

લિ.
નેમીદાસ ખુશાલ શેઠ
ટ્રસ્ટી
શ્રી જૈન વિધાર્થી ગૃહ, સોનગઢ

લિ.
નવનીતલાલ ચુનીલાલ જવેરી
પ્રમુખ
શ્રી દિ. જૈન મુમુક્ષુ મહામંડળ, સોનગઢ

## મહોત્સવ * રત્નવૃષ્ટિ

**સોનગઢમાં નિતનિત મંગલમહોત્સવ ધર્માત્માઓના પ્રતાપે ઉજવાય છે, ને ગુરુમુખગગનથી અપૂર્વ શ્રુતરત્નોની વૃષ્ટિ થાય છે. તે રત્નોમાંથી ૫૯ રત્નો અહીં આપીએ છીએ....ચૈતન્યની અપૂર્વ ચમકથી ચમકતા આ રત્નોનું મનન સૌને ખૂબ જ લાભકારી થશે.**

૧. અહા, મારું ચૈતન્યતત્ત્વ જ સૌથી ઉત્કૃષ્ટ રત્ન છે, એનાથી ઊંચુ બીજું કાંઈ નથી,–એમ ધર્મી અનુભવે છે.

૨. मोक्षार्थिना प्रथममेव आत्मा ज्ञातव्य.......મોક્ષાર્થીએ પ્રથમ જ આત્મા જાણવો. જાણવો એટલે અંતર્મુખ થઈને અનુભવ કરવો.

૩. શુદ્ધાત્માની અનુભૂતિ થઈ તે મોક્ષ માટેનો અપૂર્વ મહોત્સવ છે. અહા, આત્માની આરાધના જેવો મોટો મંગલ ઉત્સવ બીજો ક્યો હોય! ધર્મી જીવને તો નિરંતર એવો મહોત્સવ છે.

૪. મહા ગંભીર જે ચૈતન્યસમુદ્ર તેની અનુભૂતિમાં કાંઈ એકલું સમ્યગ્દર્શન રત્ન નથી, તેમાં તો એક સાથે અનંત ગુણરત્નો નિર્મળ ચૈતન્યતેજથી ઝળકી રહ્યા છે. અનંતગુણના એકરસનો મહા આનંદ સ્વાનુભૂતિમાં ઊછળે છે.

૫. હે જીવ! તારા હિતને માટે આવી ગંભીર તારી ચૈતન્યવસ્તુમાં તારી બુદ્ધિને તું જોડજે; બહારના કુતૂહલમાં અટકીશ મા.

૬. તારા અંતર્મુખ ઉપયોગમાં ચૈતન્યની સ્ફૂરણા થતાં જ શાંતરસનો ફૂવારો એવો ઊછળશે કે તે મહાઆનંદના વેદનમાં દુઃખ અને વિકલ્પો તો ક્યાંય ભાગી જશે......તારા ચૈતન્યપ્રભુની પ્રસન્નતા તને અનુભવાશે.

##卐 મં ગ લ-ર ત્ન વૃ ષ્ટિ 卐

૭. સર્વજ્ઞ ભગવંતો અમારા ઉપર પ્રસન્ન થયા છે.....તેઓ અમારી નીકટ–મુક્તિને કેવળજ્ઞાનમાં દેખી રહ્યા છે–એ જ એમની વીતરાગી–પ્રસન્નતા છે.

૮. ધર્માત્માના મતિજ્ઞાનનું એવું અચિંત્યસામર્થ્ય છે કે કેવળજ્ઞાનને નજીક બોલાવે છે.

૯. ધર્મી સ્વસંવેદનના બળથી કહે છે કે–વિદેહી ભગવંતોની સર્વજ્ઞતા અહીં બેઠાબેઠા અમે જોઈએ છીએ. શરીર ભલે ન દેખાય, પણ એમની સર્વજ્ઞતા તો સ્પષ્ટ દેખાય છે. –એવું સ્વાનુભૂતિનું બળ છે.

૧૦. સાધકધર્મી તો સર્વજ્ઞનો પુત્ર થયો; સર્વજ્ઞનો વૈભવ એણે પોતામાં જ દેખી લીધો; એને તો નાનકડો સિદ્ધ ( ईषत् सिद्ध ) કહ્યો છે.

૧૧. અહા, સાધકને આત્માના સ્વસંવેદન–પ્રત્યક્ષનું અપાર સામર્થ્ય છે, એનું સ્વસંવેદન અચિંત્ય–અપાર–ઊંડું છે.

૧૨. અંતરમાં રાગથી ભિન્ન ચેતનાને દેખી ત્યાં સર્વજ્ઞતામાં સંદેહ શો ?

૧૩. આહાહા ! ચેતનપ્રભુના મહિમાની શી વાત ! અનંતાનંત ગુણોની નિર્મળતા જેમાં ઉલ્લસી રહી છે તેની શાંતિનું શું કહેવું ? એવી શાંતિ ધર્મીને નિરંતર વર્તે છે.

૧૪. વાહ રે વાહ ! ધર્માત્માની વીતરાગતાનો વિલાસ ! કેવો અદ્ભુત છે ! ! કેવો આનંદમય છે ! ! જેમાં અનંત અતીન્દ્રિયસુખ....એના વિલાસનું શું કહેવું ?

૧૫. ધર્મી જીવ પોતાને ચેતનામય અનુભવે છે.....તે ચેતનાને રાગ સ્પર્શી શકતો નથી. ચેતના સમસ્ત વિભાવોથી વિરક્ત છે.

૧૬. ચેતના નિર્વિકલ્પ થઈને અંદર સમાણી ત્યાં વિકલ્પોનો તો ભૂક્કો થઈ ગયો.....વિકલ્પો અલોપ થઈ ગયા.

૧૭. અરે, આવા આત્માને સ્વીકારીને તેને અનુભવનારી ચેતના, તેમાં વિકલ્પ કેમ સમાય ? શાંતિના દરિયામાં અગ્નિનો તણખો કેમ સમાય ?

## 卐 મં ગ લ-ર ત્ન વૃ ષ્ટિ 卐

૧૮. આનંદ તો જેનો એક ગુણ, એવા તો અનંત-અનંત-અનંત ગુણો -તેમાં ભેદ કર્યાં વગર ધર્મી તેને અનુભવે છે....તેના આનંદની શી વાત!

૧૯. અહા, આવો ઊંડો-ગંભીર મારો આત્મા, તેમાં હું ભેદ કરતો નથી. ભેદ કર્યાં વગર મારામાં હું સમાઈ જાઉં છું.....નિર્વિકલ્પ થઈ જાઉં છું.

૨૦. ચેતના કહે છે કે હું વિકલ્પને કરતી જ નથી. અનંતગુણથી આખી મારી વસ્તુ, તેમાં એકગુણના ભેદનો વિકલ્પ હું કરતી નથી.

૨૧. અરે, વિકલ્પની તે કેટલી તાકાત! વિકલ્પમાં એવી તાકાત નથી કે તે મને ગ્રહણ કરી શકે! હું પરમ ચૈતન્યરત્ન! તે વિકલ્પોમાં જતો નથી.

૨૨. સ્વસંવેદન-જ્ઞાનની તાકાત એટલી મહાન છે કે રાગ વગર પોતાના પરમ ચૈતન્યતત્ત્વને અખંડ ગ્રહણ કરે છે.

૨૩. અહો, સર્વોત્કૃષ્ટ ચૈતન્યરત્ન મારી આત્મઅનુભૂતિમાં ઉલ્લસ્યું છે.

૨૪. જે ચેતનાએ ચૈતન્યરસનો મધુર સ્વાદ ચાખ્યો તે ચેતના હવે વિકલ્પનો કડવો સ્વાદ કેમ લ્યે?

૨૫. આનંદમય નિજસ્વરૂપમાં લાગેલી ચેતનાને પરની ચિંતા કરવાની નવરાશ જ ક્યાં છે?

૨૬. અનંતઆનંદ જેના પેટમાં ભર્યો છે તે બીજા પાસેથી ભીખ માગવા કેમ જાય?

૨૭. અહો, જીવો! આવા તમારા પરમ સ્વભાવને લક્ષમાં લઈને તેની જ ભાવના કરો.

૨૮. મારા એકત્વ-ચૈતન્યસ્વભાવમાં સંસારનો પ્રવેશ જ નથી.

૨૯. આવો આનંદમય મારો આત્મા, તેને દેખવામાં લીન હું,-મારે બીજાને જોવાનું શું કામ છે?

૩૦. મારા અનંતગુણનું સુખ હું ચાખી જ રહ્યો છું-ત્યાં પરમાંથી સુખ લેવાનો ઉત્સાહ મને આવે જ કેમ? પરમાં ક્યાંય સુખબુદ્ધિ હવે થાય નહિ.

##卐 મં ગ લ-ર ત્ન વૃ ષ્ટિ 卐

૩૧. જુઓ, આવી દશા તે ધર્માત્માની દશા છે, તેને ઓળખીને ધર્મીની સાચી ભક્તિ થાય છે.

૩૨. ચેતનભાવે ધર્માત્માને ઓળખતાં પોતાને અંતરમાં આનંદમય વીતરાગભાવ પ્રગટે તે સાચો મહોત્સવ છે....તે મોક્ષનો મહોત્સવ છે.

૩૩. હે જીવ! અનંતગુણના સુખથી ભરેલું વૈકુંઠધામ તારામાં ભર્યું છે, તેમાં તું જા. ચૈતન્યના અચિંત્ય વૈભવથી ભરેલી નિર્વાણનગરીનો તું નાથ છો.

૩૪. તારા હિતનું આ ટાણું સાચવી લે–બાપુ! સંસારથી હવે બહુ થયું.... હવે બસ કર! મતિવંત થઈને તું જાગ, જાગ, જાગ.

૩૫. અરિહંતો તીર્થંકરો જે પંથે મોક્ષે ગયા....તે જ પંથ અમે લીધો છે. તીર્થંકરોના આ માર્ગમાં આનંદથી અમે મોક્ષનગરી તરફ ચાલી રહ્યા છીએ.

૩૬. અરે જીવો! આત્માને સ્પર્શીને તેનો નિર્ણય જ્ઞાનમાં કરો.....તેનો નિર્ણય થતાં જ મોક્ષના દરવાજા ખૂલી જશે.

૩૭. ચૈતન્યપ્રભુને ભેટતાં જ ચેતનાપરિણતિ મહાન અપૂર્વ આંનદથી આહ્લાદિત થઈને તેમાં ઠરી જાય છે, ને બીજા બધાથી છૂટી પડી જાય છે.

૩૮. ‘णमो लोए सव्व अरिहंताण’ ત્રણ કાળ ને ત્રણલોકવર્તી પંચપરમેષ્ઠી ભગવંતોને આ નમસ્કારમંત્રમાં નમસ્કાર કર્યા છે.

૩૯. અહો, અરિહંતાદિ પંચપરમેષ્ઠી ભગવંતો કેટલા મહાન! કેટલા અગાધગંભીર સામર્થ્યવાળા! તેમના સ્વરૂપનું જેને જ્ઞાન છે તે તેમને નમસ્કાર કરે છે.

૪૦. પંચપરમેષ્ઠીના મહિમાની શી વાત! તેને જ્ઞાનમાં લેનાર જ્ઞાનની પણ કેટલી મહાનતા! એ જ્ઞાન વિકલ્પથી જુદું પડ્યું છે.

૪૧. પરને નમસ્કાર વખતે વિકલ્પ ભલે હો, પણ તે જ વખતે નમસ્કાર કરનારનું જ્ઞાન તો વિકલ્પથી જુદું જ વર્તે છે; તે જ્ઞાન કાંઈ વિકલ્પમાં નથી નમતું, તે જ્ઞાન તો અંતરના સ્વભાવમાં નમે છે.

## 卐 મં ગ લ-ર ત્ન વૃ ષ્ટિ 卐

૪૨. જે જીવ વિકલ્પમાં નમે છે–વિકલ્પથી લાભ માને છે તે જીવ પંચપરમેષ્ઠીને ખરેખર નમતો નથી, કેમકે વિકલ્પ કાંઈ પંચપરમેષ્ઠીનું સ્વરૂપ નથી.

૪૩ પંચપરમેષ્ઠીનું અને પોતાના આત્માનું સ્વરૂપ વિકલ્પથી પાર છે, તેની ઓળખાણ કરનાર જ પંચપરમેષ્ઠીને નમ્યો છે. અજ્ઞાની તો રાગમાં નમે છે.

૪૪. ત્રિકાળવર્તી દિવ્યધ્વનિદાતારને નમસ્કાર...અને ત્રિકાળવર્તી દિવ્યધ્વનિને નમસ્કાર....એવા મંગળપૂર્વક રોજ પ્રવચન શરૂ થાય છે.

૪૫. ત્રિકાળવર્તી તીર્થંકરોને નમસ્કાર કર્યા–તેમાં જ્ઞાનની તાકાત કેટલી છે? ભવિષ્યમાં તીર્થંકર થનાર કોઈ જીવ અત્યારે તો નરકાદિમાં પણ હોય, કે અજ્ઞાનદશામાં પણ હોય,–તેને પણ ભેદજ્ઞાનના બળે અત્યારે જ તીર્થંકર પણે લક્ષમાં લઈને નમું છું. (षट्खंडागमना મંગલાચરણમાં ટીકાકાર શ્રી વીરસેનસ્વામીએ, મિથ્યાત્વઅવસ્થા વખતે પણ જ્ઞાનદર્શનસ્વભાવી જીવનું મંગલપણું સાબિત કર્યું છે–એ રીતે મોક્ષગામી જીવ ત્રિકાળમંગળ છે એમ સિદ્ધ કર્યું છે–તે વાત ગુરુદેવને ઘણી પ્રિય છે.)

૪૬. સ્વસન્મુખ વીર્યના ઉત્સાહવાળો જીવ, રાગથી પાર ચૈતન્યસ્વભાવના સ્વીકારપૂર્વક અરિહંતાદિ ભગવંતોને નમસ્કાર કરે છે. વીતરાગને જે નમે તેને રાગ પ્રત્યે ઉત્સાહ કેમ રહે?

૪૭. અહા, મારા ચૈતન્યપ્રકાશી દીવડામાં મારું પરમાત્મતત્ત્વ બિરાજી રહ્યું છે. ચૈતન્યદીવડાથી શોભતું આનંદમય સુપ્રભાત મારા આત્મામાં ઊગ્યું છે.

૪૮. ભગવાનનો માર્ગ એટલે આત્માની મુક્તિનો માર્ગ. આત્મામાં અત્યંત અંતર્મુખ થઈને અમે પ્રાપ્ત કરી લીધો છે. માર્ગમાં આવી ગયા છીએ, હવે મુક્તિમાં સંદેહ નથી.

૪૯. અહા, અંતર્તત્ત્વ, મહા સુખનો સમુદ્ર, તેના તળીએ પહોંચીને પરિણતિ પણ સુખસમુદ્રમાં મગ્ન થઈ..... એવી મગ્ન થઈ કે હવે પરભાવ સામે ડોકિયું પણ નથી કરતી.

# 卐 મં ગ લ-ર ત્ન વૃ ષ્ટિ 卐

૫૦. અરે, ચેતનાપરિણતિમાં જો સાક્ષાત ચૈતન્યપ્રભુ ન પધારે તો એને ચેતનપરિણતિ કોણ કહે? એ તો ચેતનપ્રભુથી દૂર છે, બહાર છે. ધર્મીની ચેતનાપરિણતિમાં તો ચૈતન્યપ્રભુ નિરંતર બિરાજમાન છે.

૫૧. ચેતનાપરિણતિ એવી છે કે તેને કોઈ રાગ સાથે મેળ ખાતો જ નથી, એને તો પોતાના ચૈતન્યપ્રભુ સાથે જ મેળ ખાય છે.

૫૨. વાહ, મુકિતનો માર્ગ.....તેનો પણ કોઈ પરમ અદ્‌ભૂત મહિમા, તો જે આત્મસ્વભાવમાંથી આવો માર્ગ નીકળ્યો–તેના મહિમાની શી વાત!!

૫૩. તે સ્વભાવને લક્ષમાં લેતાં જ મોક્ષમાર્ગ શરૂ થઈ જાય છે.

૫૪. અહા, ધર્મનું સ્વસંવેદન રાગથી પાર છે, ઇન્દ્રિયોથી પાર છે, તે એકલી અતીન્દ્રિય ચેતનાવડે અંતરમાં આત્માને સ્વસંવેદન–પ્રત્યક્ષ કરે છે.

૫૫. પ્રત્યક્ષજ્ઞાનનો વિષય થાય એવો જ આત્માનો અતીન્દ્રિય સ્વભાવ છે; તે એકલા અનુમાનનો કે પરોક્ષજ્ઞાનનો વિષય થઈ શકે નહીં; ત્યાં વિકલ્પની શી વાત?

૫૬. જેને પોતાને સ્વાનુભૂતિવડે પોતાના આત્માનું સ્વસંવેદન–પ્રત્યક્ષ થયું છે તે જ બીજા જ્ઞાનીના અનુભવને અનુમાનથી જાણી શકે છે. સ્વસંવેદનપ્રત્યક્ષ વગરના એકલા અનુમાનથી ધર્મીના આત્માને ઓળખી શકાતા નથી.

૫૭. અહા, ધર્માત્માની સાચી ઓળખાણ પણ સ્વસન્મુખતાપૂર્વક જ થાય છે. એવી ઓળખાણ કરે તે જીવ ધર્મી થઈ જ જાય.

૫૮. તે ધર્માત્માની પરિણતિ આત્મામાં ઊંડે ઊતરીને મહાઆનંદમાં મગ્ન થઈ, તે પરમઆનંદના પંથે ચાલી; તે પોતે આનંદરૂપ છે ને મોક્ષના પરમઆનંદને સાધે છે.

૫૯. આવી આનંદપરિણતિરૂપે પરિણમેલા જીવો તીર્થંકરોના માર્ગમાં શોભી રહ્યા છે........... તેમને ભાવનમસ્કાર વર્તે છે. (હરિ)

# વિવિધ સમાચાર

**આપના ગામના ધાર્મિક ઉત્સાહપ્રેરક સમાચારો આપ લખી મોકલો. ધાર્મિક પાઠશાળા સંબંધી સમાચારોને મહત્ત્વ અપાય છે. પાઠશાળા દ્વારા જૈનધર્મનું તત્ત્વજ્ઞાન બાળકોને આપવું તે જિનમંદિર જેટલું જ જરૂરનું છે. -સં.**

- સોનગઢમાં પૂ. ગુરુદેવ સુખશાંતિમાં બિરાજે છે. આખા દિવસના કાર્યક્રમો નિયમિત ચાલે છે, સવારે નિયમસારના પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર ઉપર તથા બપોરે સમયસાર ગાથા–૫૦ થી ૫૫ ઉપર પ્રવચનો ચાલે છે, ને ગુરુમુખેથી ચૈતન્યરસની ધોધમાર વર્ષા ચાલી રહી છે. દર્શન–પૂજન–શિક્ષણવર્ગ–ભક્તિ–તત્ત્વચર્ચા વગેરે કાર્યક્રમોવડે સવારથી રાત સુધી અધ્યાત્મનું વાતાવરણ ગૂંજ્યા કરે છે. શિક્ષણવર્ગમાં બહારગામથી આવેલા ચારસો જેટલા જિજ્ઞાસુઓ ખૂબ ઉમંગથી ને પ્રસન્નતાથી લાભ લઈ રહ્યા છે. વિશેષમાં આ શ્રાવણ વદ બીજે પૂ. બેનશ્રી ચંપાબેનની ૫૯ મી જન્મ–જયંતિ સોનગઢમાં આનંદ–ઉત્સાહથી ઊજવાઈ રહી છે, તે નિમિત્તે આત્મધર્મના આ અંકમાં કેટલીક વિશેષતા આપ જોઈ શકશો. અહીં શ્રી ચીમનભાઈના ઘેર નાના બાળકોની પાઠશાળા ચાલે છે, તેમાં બાળકો ઉત્સાહથી ભાગ લઈ રહ્યા છે. ધાર્મિકપ્રવચનના ખાસ દિવસો તા. ૫ થી ૧૨ સપ્ટેમ્બર છે, અને દશલક્ષણીપર્યુષણ તા. ૧૨ થી ૨૨ સપ્ટેમ્બર સુધી ઉજવાશે.

- **જામનગર**ના ઉત્સાહી મુમુક્ષુમંડળ દ્વારા ગત અષ્ટાન્હિકામાં પંચમેરુ તથા નંદીશ્વરના જિનબિંબોનું પૂજનવિધાન ( સમરતબેન લક્ષ્મીચંદ પુનાતર તરફથી ) થયું હતું. અહીં પાઠશાળા પણ ચાલે છે. કલકત્તા, મોરબી, રાજકોટ, વઢવાણ વગેરે ગામોમાં પણ પાઠશાળા ઉત્સાહપૂર્વક ચાલે છે, ને બાળકો ધર્મના ઊંચા સંસ્કાર મેળવે છે.

- **જયપુર**ની વીતરાગવિજ્ઞાન વિદ્યાપીઠની જુદીજુદી કક્ષાની પરીક્ષામાં આ વર્ષે કુલ ૧૭૧૩૫ વિદ્યાર્થીઓ બેઠા હતા, જેમા ૧૫૦૪ વિદ્યાર્થીઓ ગુજરાતના હતા. વધુ ને વધુ બાળકો ને યુવાનો ધર્મના તત્ત્વજ્ઞાનમાં રસ લઈ રહ્યા છે તે આનંદની વાત છે. ગામેગામ પાઠશાળા ચાલુ થાય ને બાળકો ધર્મના સંસ્કાર મેળવે તે અત્યંત જરૂરી છે. જેઓ પોતાને ગામ જૈન પાઠશાળા ચાલુ કરવા માંગતા હોય તેમણે માર્ગદર્શન માટે નીચેના સરનામે લખવું–શ્રી ટોડરમલ–સ્મારક ભવન, A 4, બાપુનગર, જયપુર–૪

## આત્મધર્મ–

ભારતના મુમુક્ષુઓનું અત્યંત પ્રિય આ માસિક દર મહિનાની પચીસમી તારીખે પ્રગટ થાય છે. જૈનશાસનનું હાર્દ પૂ. શ્રી કાનજીસ્વામી સમજાવી રહ્યા છે તે આ પત્રમાં અપાય છે. નવું વર્ષ દીવાળીથી શરૂ થાય છે.

આત્મધર્મનું વાર્ષિક લવાજમ ચાર રૂપિયા છે. એક વર્ષમાં આઠ રૂપિયાની કિમતનું અલૌકિક સાહિત્ય અપાતું હોવા છતાં તત્ત્વપ્રેમી જિજ્ઞાસુઓના સહકારને લીધે તેનું લવાજમ માત્ર ચાર રૂપિયા જ રાખવામાં આવ્યું છે.

આ નવાવર્ષથી તેનું લવાજમ પાંચ રૂપિયા કરવા વિચારેલું, પરંતુ માનનીય પ્રમુખશ્રીની જ્ઞાનપ્રચારની ભાવના તથા સલાહ અનુસાર, લવાજમ વધારવાને બદલે 'આત્મધર્મનાં પ્રચાર' માટેનું એક જુદું ખાતું સંસ્થામાં શરૂ કરવામાં આવેલ છે; તે અનુસાર આત્મધર્મના પ્રચાર માટે જિજ્ઞાસુઓ તરફથી આવેલી રકમો આત્મધર્મમાં પ્રગટ કરવામાં આવશે. અનેક વર્ષથી આત્મધર્મના હજારો વાંચકો સંસ્થાના વિકાસમાં મહાન સહયોગ આપી જ રહ્યા છે, તેથી આત્મધર્મ આટલું સસ્તું આપીને તેનો મહાન પ્રચાર થઈ શક્યો છે. તત્ત્વપ્રચારમાં 'આત્મધર્મ' નો કેટલો મહાન ફાળો છે–એ તો બધાય મુમુક્ષુઓ જાણે જ છે. એટલે, આવા આત્મધર્મના વિકાસ માટે ગ્રાહકોના સહકાર ઉપર વિશ્વાસ રાખીને લવાજમ વધારવાનું બંધ રાખ્યું છે. આ રીતે આત્મધર્મનું લવાજમ ચાર રૂપિયા જ ચાલુ રહે છે. આપના ગામના બધા ગ્રાહકોનું લવાજમ વેલાસર ભરી દેવા સૂચના છે.

### સમ્યગ્દર્શનસંબંધી નિબંધયોજનામાં મુદત વધે છે

અત્યાર સુધીમા જિજ્ઞાસુ–સાધર્મીઓ તરફથી ૫૦ જેટલા લેખો આવી ગયા છે. મુમુક્ષુઓનાં લેખો જોઈને પ્રસન્નતા થાય છે. આવેલા લેખોનું દોહન આત્મધર્મમાં છાપીશું, અને આવા સુંદર લેખોનો સંગ્રહ કદાચ પુસ્તકરૂપે પણ છપાય. આપ જરૂર લખી મોકલશો. લખતાં–લખતાં આપને સમ્યક્ત્વભાવનું ઉત્તમ ઘોલન થશે. લેખ મોકલવાની મુદત વધારીને ભાદરવા સુદ પુનમ સુધી કરવામાં આવી છે.

લેખ મોકલવાનું સરનામું :
સંપાદક :– આત્મધર્મ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# 卐 જ્ઞાનીનું સ્વસંવેદન 卐

જ્ઞાનીનું જ્ઞાન સ્વસંવેદનથી એમ જાણે છે કે—

○ અહો હું તો આનંદસ્વરૂપ છું.

○ ધીરતા ને ગંભીરતા તે મારી શોભા છે.

○ વિકલ્પોના પરભાવો મને સ્પર્શતા નથી.

○ મારો સ્વભાવ મહાન ઉદાર ઊંચો છે.

○ મારા સ્વભાવ કરતાં મોટું ઊંચું કાંઈ નથી.

○ મારામાંથી જેટલો આનંદ કાઢું તેટલો નીકળે એવો ઉદાર હું છું.

○ જગતના અનંત પદાર્થોને જાણવા છતાં મને કંઈ આકુળતા નથી.

○ હું અનાકુળ શાંતરસમાં પરિણમનાર છું.

○ આત્મામાં જ હું આરામ કરું છું–ઠરું છું.

○ મારા અનંતગુણવૈભવને મેં સ્વીકારી લીધો છે.

○ મેં અતીન્દ્રિય થઈને મારા મહાન સ્વભાવને અનુભવી લીધો છે.

○ ચૈતન્ય–પાતાળમાં પ્રવેશીને મોક્ષના આનંદનો નમૂનો મેં મારામાં ચાખી લીધો છે.

○ હું પંચપરમેષ્ઠી ભગવંતોની પંક્તિમાં બેસનાર છું.

અહા, જ્ઞાનીનું આવું જ્ઞાન, આનંદની કેલિ કરતું–કરતું મોક્ષને સાધે છે.

**અરે જીવ ! તારે જીવનમાં જે કરવાનું છે તે તો તું કરતો નથી, અને બીજા અનર્થકારી વાદવિવાદમાં કેમ રોકાઈ રહ્યો છે ! શ્રીગુરુઓ કરુણાથી કહે છે કે અરે જીવ ! તું ચેત ! ચેત ! તારા હિતનો આ અવસર ચૂકી ન જા. બહારના વાદવિવાદ છોડીને તારા ચૈતન્યની અનુભૂતિમાં આત્માને જોડ......ને ભવબંધ તોડ.**



# નાનકડા સિદ્ધ

તમે કદી નાનકડા સિદ્ધ જોયા છે!

હા; સોનગઢમાં એવા નાનકડા સિદ્ધ ગુરુદેવ ઘણીવાર બતાવે છેઃ

સહજ ચૈતન્યવિલાસરૂપે પોતાને અનુભવનાર સાધક ધર્માત્મા જાણે છે કે–સંસારીપણું તે હું નથી, સંસારના કારણરૂપ કોઈ ભાવો હું નથી; સહજ ચૈતન્યસ્વરૂપ ભાવના અનુભવમાં મને સંસારસંબંધી કોઈ ભાવો નથી. સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ ત્યારથી જીવને આવા આત્માનો અનુભવ છે. અહા, આનંદના પરમ અમૃતથી ભરેલો સ્વભાવ મારી દ્રષ્ટિમા આવ્યો છે, તેથી પર્યાયમાં પણ અમૃતની ઝડી વરસે છે; સિદ્ધ જેવું સુખ વેદાય છે.

મનુષ્યપણું કે સ્વર્ગપણું તે હું નહીં, તેના કારણરૂપ શુભરાગ હું નહીં; ચારે ગતિના ભવ, કે ભવના હેતુરૂપ ૧૪૮ કર્મપ્રકૃતિ તે મારા ચૈતન્યમાં છે જ નહીં. ભવના અભાવરૂપ મારી ચૈતન્યવસ્તુ છે, તેની અનુભૂતિમાં ભવ કેવો? મોક્ષના આનંદથી ભરેલો આત્મા જ્યાં અનુભવમાં આવ્યો તેમાં હવે ભવ કેવો? ૧૪મા ગુણસ્થાન સુધી ઉદયભાવ ભલે હો, પણ મારી ચૈતન્યઅનુભૂતિમાં તો તે ઉદયભાવોનો અભાવ જ છે. અહા! આવી અનુભૂતિવાળા સાધકને તત્ત્વાર્થસારમાં 'ઈષત્ સિદ્ધ' અથવા 'नोसिद्ध' એટલે કે નાનકડા સિદ્ધ કહ્યા છે. એના સાધકભાવમાં સંસારનો અભાવ જ છે, ને અસંખ્યસમયમાં તે સાક્ષાત્ સિદ્ધ થશે.–આ નાનકડા સિદ્ધ અને તે મોટા સિદ્ધ,–બંનેને નમસ્કાર હો.

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત : ૩૧૦૦
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ (સૌરાષ્ટ્ર) : શ્રાવણ (૩૪૬)